| 1944 - ૧૯૪૪ |

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૭

મુંબઇ: ૧ જાન્યુઆરી ૧૯૪૪ શનિવાર.

લવાજમ
રૂપિયા ૨

## સર્વધર્મ સમભાવ

(૧૯૪૦ ના નવેંબર મ.ના 'નવચેતન'ના અંકમાં લેસિંગ કૃત 'Nathan the wise' નામના એક જર્મન નાટકનો અધ્યાપક ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડયાએ કરેલા અનુવાદનો એક પ્રવેશ 'ચમત્કારી વીંટી' એ મથાળાથી પ્રગટ થયો હતો તે અહિં સાભાર ઉધૃત કરવામાં આવે છે. નાટકમાંના નીચેના પ્રવેશની વસ્તુ 'સર્વધર્મ સમભાવ' ના મથાળાથી વધારે સારી રીતે સૂચિત થાય છે એમ સમજીને મથાળું ફેરવવાની છૂટ લીધી છે. પરમાનંદ.)

જર્મન નાટકકારોમાં લેસિંગ ઉંચું સ્થાન ભોગવે છે. ૧૮મી સદીમાં એ થઇ ગયો. આ એનું એક ઉત્તમ ને બહુ લોકપ્રિય થયેલું નાટક છે: સન ૧૭૭૯ માં તે પ્રગટ થયું હતું. 'One of the noblest pleas for toleration ever penned' અર્થાત્ ધાર્મિક સહિષ્ણુતાની આવી ઉચ્ચ ઉદાર વકીલાત કલમથી કદિ પણ લખાઇ નથી, એવી તો એની ખ્યાતિ છે. જર્મનીમાં તેમ જ અન્ય દેશોમાં, ભજવાતા નાટક તરીકે તેમ જ સાહિત્ય તરીકે એ પંકાયલું તથા પ્રિય થઇ પડેલું છે. એને જર્મનીનું મ્હોટામાં મ્હોટું ધાર્મિક કાવ્ય કહેવામાં સન્ડરલેન્ડે જરા ય અત્યુક્તિ કરી નથી.

યુરોપખંડના ખ્રિસ્તિઓ મુસ્લીમોની કનેથી જેરૂસલેમ પાછું મેળવવાને એશિઆખંડ ઉપર ચઢી આવી યુદ્ધ કરતા હતા, તે Crusadesનું યુદ્ધ આ નાટકના સ્થળ તથા સમયની ભૂમિકા છે. મુસ્લીમોનો નેતા, જેને અંગ્રેજી લખાણોમાં સેલેડિન કહ્યો છે તે, સલાહિદ્દીન પોતાની બેહદ ઉદારતાથી, તેમ જ અન્ય સંયોગોથી, નાણાંની ભીડમાં આવી ગયો છે. નિરંકુશ સત્તાવાળા અધિકારીઓનો તેવી હાલતમાં સુલભ ઉપાય એ જ હોય છે કે ધનાઢ્ય શાહુકારોને નીચોવવા. તેમાં ય એ શાહુકાર વિધર્મી કે અન્યધર્મી હોય તો વળી સૌથી ઉત્તમ. જેરૂસલેમના ધનાઢ્યમાં ધનાઢ્ય યહુદી વેપારી નેથનને આ રીતે સુલતાનની પાસે હાજર થવાનું કહેણ મળે છે. પણ સત્ત્વશાળીઓની પ્રકૃતિ ગમે તેવી વિપત્તિમાં ય વિકૃતિને પામતી નથી. તેમ ધમકી કે જોરજુલમથી પૈસા કઢાવવા એ મહાનુભાવ સુલતાનથી બન્યું નહિ. વળી નેથનનું ધન જેટલું મશહૂર હતું એથી ય વધુ મશહૂર એની દાનેશમંદી હતી. એ મુંઝવણમાં કાંઇક સાચા કુતૂહલથી ને કાંઇક યુક્તિથી કામ લેવાની ઇચ્છાથી સલાહિદ્દીન પ્રશ્ન મૂકે છે : ઇસ્લામી, યહુદી ને ઇસાઇ એ ત્રણ ધર્મોમાં ખરો ને સાચો ધર્મ કયો ?

પ્રશ્નની વિકટતા તેમ જ પ્રશ્ન એ માત્ર પૈસા કઢાવવાની જાળમાત્ર હોય—એ કળી જતાં ચતુર નેથનને જરા ય વાર લાગતી નથી. તેમ છતાં એણે પણ સલાહિદ્દીનની ખ્યાતિ સાંભળી હતી, ને પ્રશ્નમાં સાચી જીજ્ઞાસા હોઇ શકે એ સંભવ પણ એની વિશાળ દૃષ્ટિની બ્હાર રહી શકયો નહિ. ઉત્તર તરીકે એક વાર્તા કહેવાની એ રજા મેળવે છે. હવે વ. ા..

**નેથન** :—અતિ પુરાતન કાળમાં પૂર્વ તરફના ખંડમાં એક માણસ રહેતો હતો. તેને કોઇ સ્નેહી તરફથી અમૂલ્ય કીમતની એક વીંટી મળી હતી. એ વીંટીમાં એક તેજસ્વી રત્ન હતું. તેમાંથી સેંકડો સુંદર ને રંગરંગી કિરણો સૌ દિશામાં ફુટી નીકળતાં હતાં. વળી એમાં એક એવી ભેદભરી શક્તિ હતી કે જે માણસ એ વીંટીને પૂરી શ્રદ્ધાથી પહેરી રાખે તે પરમેશ્વરને તેમ જ મનુષ્યમાત્રને પ્રિય થઇ જાય. પછી એ પૂર્વવાસી એ વીંટીને કદિ ય આઘી થવા ન દે એમાં શી નવાઇ હતી? વળી, એથી જ, એણે પાકો દૃઢ નિશ્ચય કર્યો કે આ વીંટી તો હવે મ્હારા વંશમાં જ રહેવી જોઇએ. એટલા માટે એણે એ અંગુઠી પોતાની પાછળ પોતાના વ્હાલા પુત્રને સોંપી, અને સાથે એવી કડક શરત કરી કે એ પુત્રે પણ, એવી જ રીતે, પોતાની પાછળ, પોતાના પુત્રોમાં જે એને સૌથી વધારે પ્રિય હોય તે પુત્રને એ વીંટી સોંપી જવી, અને આ પ્રમાણે પેઢીએ પેઢીએ જે પ્રિયતમ પુત્ર હોય તે એ વીંટી પામે અને વળી, પોતે મ્હોટો પુત્ર હોય કે ન હોય તો પણ તે, એ વીંટીને જ પ્રતાપે, આખા કુળનો નાયક થઇને રહે. સુલતાન, હું પૂછું છું કે મ્હારૂં કહેવું તમે બરોબર સાંભળ્યું ને?

**સલાહિદ્દીન** :—હા, હા, પછી?

**ને** :—અને આ રીતે એ વીંટી પિતાની કનેથી પુત્રને વારસામાં ઉતરતી ચાલી. એમ કરતે કરતે તે એક એવા પિતાની પાસે પહોંચી જેને ત્રણ પુત્રો હતા. એ ત્રણે એનું મન એકસરખી સારી રીતે રાખતા, એટલે એ ત્રણેને એકસરખા ચ્હાવાની એને ય ફરજ પડી હતી. તે છતાં, વખતોવખત એમ બની જતું કે એ ત્રણ પુત્રમાંનો કોઇ એક જ એની પાસે એકલો રહ્યો હોય, ને બીજા બે ગેરહાજર પુત્રોએ ઉભરાતા સ્નેહવાળા એના હૃદયમાં તે ક્ષણે ભાગ પડાવ્યો ન હોય, તેવે વખતે તે પિતાને એમ ખાતરીથી લાગતું કે પોતાની પાસે છે એ પુત્ર જ આખરે સૌથી વધારે લાયક છે. આમ ત્રણેને માટે બનતું. એમ કરતે કરતે પરિણામ છેવટે એ આવ્યું કે એનાથી પ્રેમાળ નિર્બળતાના આવેશમાં ત્રણે ય ને અલગ અલગ ખાનગી વચન આપી જવાયું કે હું તને જ આ વીંટી આપી જઇશ. આમ થોડો વખત ચાલ્યું, પણ એ સ્થિતિ નભી ક્યાં લગી રહે? ન છૂટકે એ પિતાને પોતાની આખરી ઘડીનો વિચાર કરવો પડ્યો, અને ત્યારે આ લાયક પિતા બહુ જ મુંઝાઇ ગયો. આખરે પણ ત્રણમાંના કોઇ પણ બે વ્હાલા દીકરાઓ

સાથે વચનભંગ તથા વિશ્વાસઘાત કરવાં પડશે—એ વિચાર જ એના કુંણા દિલથી વેઠી શકયો નહિ. હવે શું થઈ શકે? તાબડતોબ એક હુશિયાર ઝવેરીને એણે ખાનગીમાં બોલાવ્યો અને એને હુકમ આપ્યો કે પેલી ચમત્કારી વીંટીના જેવી જ આબેહુબ બીજી બે વીંટીઓ તૈયાર કરી લાવ: ગમે તે ખર્ચ થાય તો ય. પોતાની કારીગીરીથી ઝવેરીએ આ મુશ્કેલ કામ પણ કર્યું—એવું સરસ કે જ્યારે ઝવેરી એ ત્રણે વીંટીઓ લઈને એની પાસે હાજર થયો ત્યારે એ પિતા પોતે ય પરખી ન શકયો કે ખરી વીંટી કયી ને નકલી કયી. પછી હર્ષભર્યા દિલથી એણે પોતાના પુત્રોને પોતાની પાસે તેડાવ્યા—એક પછી એક ને અલગ અલગ, દરેકને પોતાની ખાસ આશિષ આપી અને એને માટેની વીંટી અર્પણ કરી. પછી તે મરણ પામ્યો. સુલતાન, સાંભળો છો ને?

સુ:—(ગુંચવાડામાં બાજુએ નજર કરતે કરતે) હા, સાંભળું છું, સાંભળું છું. ચાલ, હવે, વાતનો પાર આણ.

ને:—પાર આવી જ ગયો છે. પછી શું બન્યું તે બરોબર કલ્પી શકાય. હજી તો હમણાં જ એ પિતા મરણ પામ્યો છે, એટલામાં તો દરેક પુત્ર પોતપોતાની વીંટી સાથે આવી પહોંચ્યો અને દરેક જણ કુળપતિનો દાવો કરવા મંડયો. તેઓએ પૂછપરછ ને તપાસ કરવા માંડી, પછી એક બીજાની ઉપર આળ મૂકયાં, ને છેવટે તેઓ વઢવા લાગ્યા. પણ એ બધું વ્યર્થ હતું—કયી વીંટી સાચી છે ને કયી ખોટી છે એ કોઈથી ય પૂરવાર થઈ શકયું નહિ—

[ સ્હેજ અટકે છે; તે દરમ્યાન સુલતાનને બહુ બારીકાઈથી નિહાળે છે. ]

તે પૂરવાર કરવું લગભગ એટલું જ અશકય હતું જેટલું અશકય આજે ત્રણ ધર્મોમાંથી કયો એક જ ધર્મ સાચો છે એ પૂરવાર કરવાનું આપણે માટે છે.

સુ:—નેથન, શું મ્હારા સવાલના જવાબ તરીકે આ ચલાવી લેવાનું છે?

ને:—ના, સુલતાન. ફકત વધારે સારો જવાબ નથી એ દર્શાવવાના બહાના પૂરતો એનો ઉપયોગ છે. પિતાએ પોતે જ જાણી જોઈને એવી વીંટીઓ પેદા કે ત્હેમની વચ્ચે કાંઈ ફરક પાડી શકાય નહિ: તો પછી તેઓની અંદર ખરાંખોટાંનો ભેદ કરવાની ધૃષ્ટતા હું કેવી રીતે કરી શકું?

સુ:—વળી પાછી વીંટીઓ! મ્હારી સાથે રમત કરતો નહિ. મ્હારું ધારવું તો એ છે કે જે ત્રણ ધર્મોની વાત મ્હેં ત્હારી આગળ મૂકી, ત્હેમની વચ્ચે તો સ્હેલાઈથી ફરક પાડી શકાય એમ છે: માત્ર પહેરવેશ ને ખાનપાન એ જ લઈએ તો તેઓ બેથી જ આ ત્રણેમાં તફાવત કરી શકાય.

ને:—પણ કોઈ મૌલિક ભેદથી તો નહિ જ ને? શું એ સૌ ધર્મો ઈતિહાસના પાયા ઉપર ઊભા થયા નથી? તે ઈતિહાસ લિખિત હોય કે વાણીનો-દન્તકથાનો હોય, તેથી શું? આખરે ય ઈતિહાસ તો શ્રદ્ધાથી જ સ્વીકારાય છે: તો આપણી શ્રદ્ધાની ઉપર સાચામાં સાચો હક્ક કોનો છે? બેશક, આપણા પોતાના જ લોકોનો, જેનું લોહી આપણે છીએ, જેઓના સ્નેહની પ્રતીતિ આપણને બચપણથી જ થયેલી છે, અને જેઓએ આપણને કદિ ય છેતર્યા નથી-સિવાય કે કદિક કોઈ પ્રસંગે જ્યારે આ પ્રેમાળ છેતરામણ ખુદ સત્યના કરતાં ય આપણે માટે વધારે કલ્યાણકારી હોય. તમે ત્હમારા પૂર્વજોની ઉપર જે ભરોસો રાખો છો તે કરતાં ઓછો ભરોસો મ્હારા પૂર્વજોની ઉપર હું કેમ રાખું? અથવા તો હું ત્હમને પણ એમ કેમ કહી શકું કે કેવળ મ્હારા પૂર્વજોની સાથે સંમત થવાને ખાતર તમે ત્હમારા પોતાના પૂર્વજોને ખોટા પાડો?—અને આ બધું મ્હેં કહ્યું છે તે ખ્રિસ્તિઓને પણ એવી જ સારી રીતે લાગુ પાડી શકાય. શું એમ નથી?

સુ:—(સ્વગત) જીવતા અલ્લાહના કસમ, આ આદમી તદ્દન ખરો છે; મ્હારે ચૂપ થવું પડશે.

ને:—ત્યારે આપણે ફરીથી આપણી વીંટીની વાર્તા તરફ વળીએ. મ્હેં આગળ કહ્યું તેમ પેલા છોકરાઓએ સ્હામસ્હામાં દાવા માંડયા; તેઓમાંના દરેકે કાજીની પાસે સોગન ખાઈને કહ્યું કે મ્હારી વીંટી મ્હને ખુદ મ્હારા બાપુના હાથથી જ સીધી મળેલી છે—જે વાત તદ્દન સાચી હતી—અને તે પહેલાં કેટલા ય વખત થયાં એ વીંટી મ્હને એકલાને આપી જવાનું વચન બાપુએ મ્હને આપ્યું હતું—એ વાત પણ તદ્દન સાચી હતી. એકેએક દીકરાએ પ્રતિજ્ઞા ઉપર કહ્યું કે મ્હારા બાપુ મ્હારી સાથે આવો દગો ને વિશ્વાસઘાત કરે જ નહિ. આવા પ્રેમાળ પિતાની વિરુદ્ધ આવું માનવાના કરતાં—જો કે મ્હારા ભાઈઓને વિષે અનુદાર તર્ક કરતાં મ્હને ઘૃણા ઉપજે છે તો પણ—બીજા બન્ને ભાઈઓની ઉપર કોઈ દુષ્ટ તર્કટનો આરોપ મૂકવાની લાચારીથી જરૂર પડે છે. અને હવે તો એમના દગાના ચરને હું ઢૂંઢીશ જ, અને આવી ક્રૂર તુકસાનીનો બદલો લઈશ.

સુ:—વાહ, પછી કાજીએ શું કર્યું? એને મ્હોંડે તું શું કહેવરાવે છે એ સાંભળવા હું આતુર છું. પછી, પછી, કહેને.

ને:—કાજીએ આમ ફેંસલો કર્યો: તમે ત્હમારા પિતાને લાવો અને ન્યાયાસન આગળ રજુ કરો, નહિ તો મ્હારે ત્હમારો દાવો કાઢી નાખવો પડશે: શું તમે ત્હમારા મનમાં એમ સમજો છો, હું અહીં ઉખાણાં ઉકેલવાને માટે છું?—અથવા તો ખરી વીંટી એની મેળે જ શાયદ ખુલ્લી પડશે, ત્યાં લગી તમે ખમી જાઓ તો. અરે, પણ, ઊભા રહો. તમે કહ્યું છે ને કે ખરી વીંટીમાં એવી જાદુઈ શકિત છે કે એને જેણે પહેરી હોય તે ઈશ્વરની તેમ જ માનવીની દૃષ્ટિમાં, બીજા સૌ કરતાં વધારે પ્રિય થઈ જાય. બસ, આ એક જ વાતથી ઝઘડાનો નિકાલ થઈ જવો જોઈએ. પેલી નકલી વીંટીઓમાં આવી શકિત નથી—ત્યારે કહો, ત્હમારા ત્રણમાં એવો કોણ છે જેને બીજા બેઉ સૌથી વધારે ચ્હાય છે?—કેમ, કશો જવાબ દઈ શકતા નથી? ત્યારે ત્હમારી વીંટીઓ બહારનાઓ ઉપર અસર નથી કરતી પણ અંદર જ, ત્હમારા પોતાના મનની ઉપર જ, અસર કરે છે, કારણ કે તમને દરેકને પોતપોતાનો જ મોહ છે એમ જણાઈ આવે છે. અરે, ત્યારે તો તમે ત્રણે ય દગાઈ ગયા છો, ને ભોગભોગા તમે ત્રણે જાતે ઠગ પણ છો: અને ત્હમારી ત્રણે વીંટીઓ ખોટી ને નકલી છે—સાચી વીંટી, બહુ સંભવ લાગે છે કે, ખોવાઈ જ ગઈ હશે, અને એ ખોટ છુપાવવાને માટે તથા એની અવેજીમાં, ત્હમારા બાપુએ તદનંતર કરી આ ત્રણ વીંટીઓ બનાવરાવી હશે.

સુ:—શાબાશ! શાબાશ!

ને:—અને પછી કાજીએ આગળ કહ્યું—મ્હેં જે ચૂકાદો હમણાં કર્યો તે તમને જેટલો અણગમતો લાગ્યો હશે એથી ય વધુ અણગમતી મ્હારી સલાહ તમને કદાચિત લાગશે. જો એમ હોય તો ચાલતી પકડો—પણ મ્હારી સલાહ આ છે. આજે જે વસ્તુસ્થિતિ છે, બરોબર ત્હેનો જ સ્વીકાર કરો. જો ત્હમારામાંથી દરેકે દરેકે પોતાની વીંટી સાચેસાચ ખુદ ત્હમારા બાપુના હાથથી જ મેળવી હોય, તો દરેક પોતપોતાની વીંટી ખરી અસલી છે એમ માની લે. કદાચિત્ ત્હમારા પિતાના મનમાં એમ થયું હશે કે આ ખાસ વીંટીનો દમામ ને ત્રાસ મ્હારા વંશજોની ઉપર રહે નહિ. એટલું તો ખાતરીથી માનજો કે તમને સૌને ચ્હાતો હતો, ને સૌને એકસરખા ચ્હાતો હતો: કારણ કે, ત્હમારામાંના કોઈ એકની ઉપર મહેરબાની કરવા ખાતર બીજા બે

જગતને નુકશાન કરવું એ એને ગમ્યું નથી. વાહ, ત્યારે, હવે તમારે દરેકે તમારા બાપુના આ નિષ્પક્ષ પ્રેમની—જે પ્રેમ કોઈ જાતના આગ્રહથી કે કોઈ તરફના પક્ષપાતથી એટલો બધો મુક્ત હતો તે પ્રેમની હરિફાઈ ભાખવાની છે. જે વીંટી તમે પહેરો છો તેના સદ્‌ગુણો સાબિત કરવાના ઉદાર કલહમાં તમે હવે એકબીજાની સ્પર્ધા કરો: અને આ હેતુ સાધવાને માટે સૌમ્ય-નમ્રતા, હૃદયની સહિષ્ણુતા, શુદ્ધ સાચી હિતૈષિતા અને ઈશ્વરેચ્છાને અધીનતા—એ સૌને તમારી સહાયે આવવા દો—અને જો, પછીના દૂરના કાળમાં, પથ્થર હીરાના ગુણો તમારા છોકરાઓમાં ઉતરેલા દેખાશે, તો તેઓને, હજારો હજારો વર્ષો વીત્યા બાદ ફરીથી આ ન્યાયાસનની આગળ બોલાવવામાં આવશે. તે વખતે મ્હારા કરતાં બહુ વધુ ડાહ્યો એવો કોઈ પુરૂષ આ આસને વિરાજતો હશે, અને તે ચૂકાદો આપશે.—હવે, જાઓ. આ પ્રમાણે તે પ્રતાપશાળી ન્યાયાધીશ બોલ્યો.

**સ** :—યા અલ્લાહ!

**ને** :—ઓ સલાડિન, પેલો સંકેત થયેલો વધારે ડાહ્યો ન્યાયાધીશ તમે પોતે જ હોઈ શકો તો!

**સ** :—(આગળ પગલાં ભરી નેથનનો હાથ ઉમળકાથી ઝાલી) હું! ખાક તથા નાચીજ જેવો હું તે હું! ના રે ના, નહિ જ.

**ને** :—સુલતાન, તમને શી વ્યથા થઈ?

**સ** :—ના, નેથન, નહિ જ. એ દાના ન્યાયાધીશને આવવાનાં હજારગણાં હજાર વર્ષો હજી વીતી ચૂક્યાં નથી; તેમ એનું ન્યાયાસન પણ કાંઈ સલાડિનને માટે નથી. હવે તું જા—પણ, મ્હારો મિત્ર થઈને રહેજે.

અનુવાદક—**કાન્તિલાલ છગનલાલ પંડ્યા.**

---

**પરિગ્રહ વિચાર**

એક વસ્તુ આપીને એટલા જ મૂલ્યની બીજી વસ્તુ લેવી એ ચોરી નથી. પણ વાજબી કરતાં વધારે મૂલ્ય લેવું તે ચોરી છે, નક્કી કરેલી સામાજિક સરતનો ભંગ થતો હોવાથી વિશ્વાસઘાત પણ છે અને બીજાઓ નબળા તથા લાચાર હોવાથી એમની લાચારીનો એ રીતે લાભ લેવો એ હિંસા છે. પરિગ્રહમાં આવાં ઘણાં પાપો સમાઈ જાય છે.

"ધનનો અધિક સંગ્રહ સમાજના નિયમથી વિરૂદ્ધ છે. મૂળ વાત એવી છે કે દરેક માણસે કંઈ સેવા કરવી અને બદલામાં સેવા લેવી. તમારી સેવા વધારે કીમતી હોય તો સમાજ પાસેથી તમે અધિક સેવા લઈ શકો. આજ ને આજ એ ન લઈ શકો તો આવતા કાળને માટે તમે થોડું ધન સંઘરી રાખો. એ ધનના બદલામાં તમને એટલી સેવા લેવાનો અધિકાર મળે. બાકી તમે પેઢી દર પેઢી ધનનો સંઘરો કર્યા કરો તો એ ચોખ્ખો નિયમાઘાત છે. આપણા બાપદાદા આપણને વારસામાં જે ધનસંપત્તિ આપતા ગયા છે તે એમને સમાજસેવાના બદલારૂપે મળી હતી, એટલે કે એમની સેવા ઘણી મહત્વની હતી તેથી સમાજે રાજીખુશીથી આપી હતી એમ ન કહેવાય. ખરી વાત એ છે કે સમાજે આપણે માટે જે નિયમો બાંધેલા તેના ઓઠા નીચે એમણે જે ચાલાકી વાપરી અને એ ચાલાકીના પરિણામે જે લૂંટ ચલાવી અને સંપત્તિ મેળવી તેનો આપણને વારસો મળ્યો. એને છેક નિર્દોષ કે નિષ્પાપ તો કેમ કહેવાય? પરિગ્રહ એ લૂંટ યા ચોરીનો જ એક પ્રકાર છે. પાપ કર્યા વિના કોઈ પણ માણસ અધિક ધનસંગ્રહ કરી શકે નહિ; એટલા સારૂ જ મેં શરૂઆતમાં કહ્યું તેમ સમાજમાં કંગાળના છૂટે હાથે સંપત્તિ વેરી દેવી અથવા વાળી દેવી એ ધનવાનોનું મુખ્ય કર્તવ્ય છે. એમનું પ્રાયશ્ચિત પણ છે."

'નવી દુનિયામાંથી' સાભાર ઉદ્ધૃત

# ધર્મની વિકૃતિ : માનવતાની ક્ષતિ

આજે ધર્મના નામે નાસ્તિક અને આસ્તિક, મિથ્યાત્વી અને સમકિતી, ખ્રીસ્તી અને યહુદી, મૂર્તિમંડક અને મૂર્તિખંડક, પાક અને નાપાક, આર્ય અને મ્લેચ્છ—આવા અનેક ઝગડા પેદા છે. તેમાં ઈતિહાસ કે ખગોળ–ભૂગોળની દૃષ્ટિએ સ્થળ, કાળ, અને તિથિના ઝગડા પેદા છે; વિજ્ઞાનની દૃષ્ટિએ સૃષ્ટિ ઈશ્વરરચિત છે કે સ્વયંભૂ ઉભી થયેલી છે તેવી માન્યતાના ઝગડા પેદા છે અને કેટલીએક ક્રિયાઓ અને વિધિઓના પણ ઝગડા પેદા છે, જેણે આજે માનવજીવનના વ્યાપક ધર્મને કુંડાળાનો ધર્મ વાડાનો ધર્મ—જ્ઞાતિની હદ સરહદમાં ક્ષણભંગ કરી નાખ્યો છે. આ બધી બાબતો ભલે અભ્યાસીઓને ઉપયોગી કે મહત્વની લાગતી હોય, પરન્તુ સામાન્ય જનતાને તેમાં કાંઈ રસ નથી. તેનો તેને ઉપયોગ પણ નથી. છતાંય તેણે આ ઝગડાથી ઘણું ગુમાવ્યું છે એ નિઃસંદેહ વાત છે.

આવી વિવાદગ્રસ્ત અને જેનો તાગ પણ સામાન્ય રીતે ન આવે તેવી રૂઢી અને અર્થહીન બાબતોને વર્ષો સુધી ચાલુ રાખ્યા છતાં પણ નથી તો તે ધર્મનું મહત્વ વધ્યું કે નથી તે વધુ કલ્યાણકારી બન્યો. માનવજાત તો ત્યાંની ત્યાં જ પડી છે—બલ્કે પાછળ હઠી છે અને ધર્મવિમુખ બની છે.

જેટલી કાળજી, ભક્તિ કે પૂજા માનવજાતે મોક્ષ કે મુક્તિશિલા માટે કરી છે, જેટલી ગંભીર વિચારણા અગમ્ય કોયડાઓ ઉકેલવા માટે કરી છે, જેટલો કાલક્ષેપ મૂર્તિઓ ઘડવા કે શણગારવા પાછળ કર્યો છે, તેટલી કે તેથી પણ ઓછી કાળજી જો તેણે મનુષ્યત્વની કે માનવતાની કરી હોત, અને તેટલો કાળક્ષેપ જો માનવજાતને ઘડવા કે સંસ્કારી બનાવવામાં કર્યો હોત તો માનવજાત આજે પૃથ્વી ઉપર સ્વર્ગ અને મોક્ષ દેખી શકત, પણ અહિં તો માનવધર્મને માનવજીવનમાંથી આ જગતના જીવનમાંથી ખેંચી લઈ બીજી કોઈ દુનિયામાં લઈ જવામાં આવ્યો છે એટલે આવતા ભવનો વાયદો ફળે કે ન ફળે તે તો સર્વ શક્તિમાન જાણે પણ માનવનું વર્તમાન જીવન અનેક રીતે નિષ્ફળ બની ગયું છે. આ ખોટ મોટી છે.

માનવી માટે ભાવી જીંદગી હોય તો ભલે હોય. તેમાં કોઈ વાંધો નથી. પણ તેનું ઘડતર આ જીંદગીના ભોગે કરવાની કોઈ જરૂર નથી. આજના જીવનનું ઘડતર કરતાં આપોઆપ તેનું ઘડતર થઈ જવાનું છે. ખેડુત જમીન, બીયાં, રોપા અને તેના મૂળીઆની દરકાર કરતાં કરતાં જેમ યથા સમયે આપોઆપ ફળ પામે છે તેમ આ જીવન સુધરતાં સુધરતાં આપોઆપ ભાવી જીવનની ભૂમિકા તૈયાર થતી જાય છે અને તેમાં વર્તમાન ભાવી જીવનમાં સુંદર ફળો પાકે છે. માટે આવતા ભવની ચિન્તા છોડીને વર્તમાન જીવનને સંસ્કારો અને ધાર્મિક મતમતાન્તરો છોડીને સાચી માનવતાને અપનાવો!

**વ્રજલાલ મેઘાણી**

---

**શ્રી મહેરઅલીની નાદુરસ્ત તબિયત** — **નોંધ**

શ્રી. મહેરઅલીની તબિયત સંબંધમાં સર્વ કોઈ યુવક યુવતીને માટે ચિન્તાનો વિષય થઈ પડ્યો છે. હૃદય રોગ તેમને કેટલાંય વર્ષોથી લાગુ પડ્યો છે. છેલ્લા જેલવાસે એ રોગને ખુબ સત્વરિત કર્યો છે અને એ જ કારણે કેટલાક સમય પહેલાં સરકારે તેમને છુટા કર્યા છે. એ છુટ્યા ત્યારે તેમની બહુ જ ચિન્તાજનક હાલત હતી. વચગાળે તેમને સારો આરામ હતો. પાછી તેમની તબિયત વધારે નાદુરસ્ત અને ચિંતાજનક હોવાના સમાચાર આવ્યા કરે છે. તેમને આરામ આવે અને આપણી સૌની વચ્ચે પહેલાં માફક તેઓ હરતા ફરતા થાય એ સૌ કોઈના દિલની ઝંખના અને પ્રાર્થના છે.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આજ્ઞામાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જાન્યુઆરી ૧ ૧૯૪૪


## આપણી સંસ્કૃતિનો વારસો.

આપણી સંસ્કૃતિના મૂળમાં જતાં પહેલાં સંસ્કૃતિ જેવા સુગમ વિષય ખાસખાસ સામાન્ય રીતે ગુંચાઇ રહેલી અસંદિગ્ધતાને દૂર કરવી એ ખાસ આવશ્યક છે. સંસ્કૃતિ એટલે પ્રકૃતિનું સંસ્કરણ. બાળક જન્મે છે ત્યારે તેના અંગ ઉપર વસ્ત્ર નથી હોતું. પરંતુ તેના પર આપણે જે વસ્ત્રનું ઢાંકણ કરીયે છીએ તે સંસ્કૃતિ. ક્યાં પેલો ગુફામાં રહેનારો વનચર પ્રાગૈતિહાસિક કાળનો માનવી અને ક્યાં આજે સુંદર મકાનોમાં રહેનારો સુંદર વસ્ત્રો પહેરનારો મનફાવતા મોજશોખ કરનારો સભ્યતા, વિચારકતા અને વિપુલ યાંત્રિક ઉત્પાદન શક્તિથી સમૃદ્ધ બનેલો વિજ્ઞાન યુગનો માનવી ! તે ગુફામાં રહેનારા મનુષ્ય અને આજના નાગરિક વચ્ચેનો વિકાસ ગાળો તે આપણી સંસ્કૃતિ. મનુષ્ય પ્રકૃતિનું સંસ્કરણ કરે તેને આપણે સંસ્કૃતિના ગૌરવભર્યા નામે ઓળખીએ છીએ.

ઝાડપાન નહિં, તે મનુષ્ય જ શા માટે સંસ્કૃતિ સર્જક છે તે વિષય વિચારવા જેવો છે. પાશ્ચાત્ય જગતમાં ડાર્વીને મનુષ્યના ઉત્ક્રાંતિ વાદની સ્થાપના કરી છે. આ ઉત્ક્રાંતિવાદના મૂળમાં Survival of the Fittest નો સિદ્ધાંત રહેલો છે. ઉત્ક્રાંતિવાદનો મૂળભૂત મર્મ એ છે કે જે આદમી-કાળ બળની સામે-સંજોગોની સામે ઝઝુમી શકે છે, તેજ જીવી શકે છે. આજદિન પર્યંત મનુષ્ય આ કાળબળ સામે ટકી રહ્યા છે. એટલું જ નહિં પરંતુ ઉત્તરોત્તર પ્રકૃતિ ઉપર વધારે ને વધારે કાબુ મેળવતો ગયો છે. તેનું કારણ શું છે ?

પશુ પંખીને કુદરતે સંરક્ષણના સાધનો આપ્યા છે પરંતુ માનવીને કુદરતે એવી કશી બક્ષીસ નથી આપી. પરંતુ મનુષ્યને કુદરતે એક અતિ ઉંચી માત્રાની બક્ષીસ આપી છે અને તે બુદ્ધિ. મનુષ્ય પોતાના બુદ્ધિબળે પોતાના અનુકુળ ઉપાયો યોજી લે છે. એટલે સમગ્ર જીવ સૃષ્ટિમાં મનુષ્ય રાજા જેવો છે. હાથી જેવું પોતામાં બળ ન હોવા છતાં મનુષ્યે હાથથી અનેકગણી શક્તિવાળા યંત્રો શોધ્યા. હરણ જેવી ચપળતા ન હોવા છતાં તેથી પણ વધારે વેગવાળી મોટરકારો શોધી. પાંખ નથી છતાંયે માનવીએ પંખીથી વધુ ઉંચે લઇ જનારા વિમાન તૈયાર કર્યાં. મનુષ્યમાં કુદરતે જે બુદ્ધિ મૂકી છે તેના વિકાસ અને ઉપયોગથી મનુષ્યે કુદરતની પ્રતિકુળતાઓ ઉપર વિજય મેળવ્યો છે. જેમ જેમ સંસ્કૃતિ વિકાસ પામતી ગઇ તેમ તેમ મનુષ્યની શક્તિ પણ વધતી ગઇ.

મનુષ્ય કાંઇ જન્મ લેતાની સાથે સંસ્કૃતિ લઇને નથી આવતો. એ તો જન્મ પામ્યા પછીનો સુધારો છે. દા. ત. બતક પક્ષીના બચ્ચાં વિયાય કે તરત જ તરવા મંડી જાય છે. આની પાછળ કુદરતી પ્રેરણા છે, જે મનુષ્યમાં નથી. મનુષ્યનું બાળક ભલે હિંદી માતપિતાનું હોય પરંતુ જો અમેરીકામાં અને અમેરીકન વાતાવરણમાં જન્મે તો તે ત્યાંના સંસ્કારો મેળવશે. મનુષ્ય આ રીતે પોતાની સંસ્કૃતિ સાથે જન્મતો નથી પરંતુ આસપાસના વાતાવરણમાંથી અનુકરણ કરી પછી બુદ્ધિનો વિકાસ થતાં તે વિચારકતાથી આગળ વધે છે. સંસ્કૃતિ આમ જન્મસિદ્ધ વસ્તુ નથી, પરંતુ આસપાસના વાતાવરણમાંથી મેળવવાની હોય છે એટલે વાતાવરણ સંસ્કારી હોય તો બાળક પણ સંસ્કારી થાય છે. સમાજવાદ પણ એમજ કહે છે કે ગરીબો આસપાસ શોષણનું એવું વાતાવરણ હોય છે કે તે વાતાવરણ દૂર કર્યા પહેલાં ગરીબોમાં પોતાની અધોગતિની જાગ્રતિ લાવવી અતિ મુશ્કેલ છે.

એજ રીતે સંસ્કૃતિએ કોઇ સ્થગિત વસ્તુ નથી. માણસ જેમ જેમ વિકાસ સાધે છે, તેમ તેમ તેની સંસ્કૃતિ સમૃદ્ધ બનતી જાય છે. એકજ સંસ્કૃતિને પકડીને બેસી રહીએ તો તે મોટામાં મોટી ભૂલ છે. સંસ્કૃતિના બે સામાન્ય પ્રકાર છે. સ્થુલ-જડ અને સૂક્ષ્મ. સ્થુલ સંસ્કૃતિનો વિકાસ માનવીને પ્રાથમિક જરૂરીઆતોના ઉકેલ માટેના પ્રયત્ન પરથી થયો છે. મનુષ્યના જીવન નિર્વાહ માટે અન્ન, આશ્રય અને સંરક્ષણ જોઇએ છીએ. આ પ્રાથમિક જરૂરીયાતો પૂરી પાડતાં પાડતાં જે અનુભવ મળ્યો તેમાંથી જે સંસ્કૃતિનું સર્જન થયું તે સ્થુલ સંસ્કૃતિ.

પહેલાં જંગલ અને કોતરોમાં ભમતાં ભમતાં કાચા ફળ અને પ્રાણીના શિકારમાંથી આહાર કરતા હતા તે મનુષ્યો હવે સુંદર મિષ્ટાન આરોગી શકે છે: પગપાળા અરણ્યમાં ભટકવું પડતું હતું તેને બદલે આજે ઝડપી વાહનો મળે છે. આ રીતે મનુષ્યના બુદ્ધિ વિકાસમાંથી જડ સંસ્કૃતિનો ઉદ્ભવ થયો.

મનુષ્યની પ્રાથમિક જરૂરીઆતો પુરી થઇ ત્યારે બીજા વિષયો આગળ આવ્યા. પોતે કોણ છે ? પોતે ક્યાંથી આવ્યો ? એ પ્રશ્નો સાથે સાથે મનુષ્યને સૌંદર્યની ઝંખના, સારૂં નરસું જાણવાની ઝંખના થાય છે. આ ઝંખનાને સથવારે મનુષ્ય તત્વ ચિંતનમાં પ્રવેશે છે. તે સાહિત્ય અને કલાને વિકસાવે છે. શ્રેય, અશ્રેય પરથી મનુષ્યને જાતિ-અજાતિના વિચારો સૂઝે છે. અને એવી રીતે લોક વ્યવહારમાંથી આખરે સામાજીક જીવન પણ ઘડાય છે.

ઘણાને એમ લાગે છે કે પાશ્ચાત્ય દેશોમાં જડ સંસ્કૃતિનું પ્રાધાન્ય વધારે છે અને આપણે આધ્યાત્મિક સંસ્કૃતિ પ્રત્યે વધુ ઢળેલા છીએ. દેખીતી રીતે એ સાચું લાગશે, પરંતુ વાસ્તવમાં તે માન્યતા સાચી નથી. આપણે પણ વિજ્ઞાનવાદ તરફ હતા હોત. પરંતુ જે ઠેકાણે આપણો વિકાસ થંભી ગયો, ત્યાંથી છુટી આગળ ચાલીને પાશ્ચાત્ય દેશોએ વિજ્ઞાનની શોધો કરી પ્રકૃતિ ઉપર મહાન વિજય મેળવ્યો છે. એ વિજયના ઉન્માદમાં જડ સંસ્કૃતિને વધુ પડતું મહત્વ પાશ્ચાત્ય દેશોમાં અપાતું હોય તે બનવાજોગ છે.

વિજ્ઞાન વિહોણી કળા દરિદ્ર રહે છે:-Art without science is Poverty. એ સત્યનો આપણે આજે પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યા છીએ. વિજ્ઞાન પ્રત્યે દુર્લક્ષ સેવવાને કારણે આપણે ગરીબાઇમાં સબડતાં રહ્યાં છીએ એ સ્થિતિ વગર છૂટકો જ નથી. એ જ રીતે કલાદૃષ્ટિ વગરનું વિજ્ઞાન એટલે પાશવતા. Science without art is Barbarism. અત્યારનો ઘોર સંગ્રામ તેનો પૂરાવો છે.

વાસ્તવિક રીતે તો સ્થૂળ અને સૂક્ષ્મ સંસ્કૃતિઓના સમન્વયની જરૂર છે. એકને ભોગે બીજી સંસ્કૃતિ પોષાય તે ઠીક નથી. જુના વખતમાં એ બન્ને સંસ્કૃતિઓનો સરસ સમન્વય હતો અને તેથી જીવન સમૃદ્ધ હતું. જીવનકલાની આપણને પિછાન હતી. એ સંસ્કૃતિનો આજે આપણને વારસો મળ્યો છે. આપણી

# કેટલાક સમાચાર અને નોંધ

## ફરતાં પુસ્તકાલયોની પ્રવૃત્તિ:

**અ. સૌ. મુક્તી બહેન સ્મારક.**

શ્રી. ભોગીલાલ અમૃતલાલ ઝવેરી જેઓ શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના એક સભ્ય છે તેમને પોતાનાં સદ્‌ગત પત્ની શ્રી. મુક્તી બહેનના સ્મરણમાં ફરતાં પુસ્તકાલયોની પ્રવૃત્તિ શરૂ કરવાનો વિચાર આવ્યો અને તે નિમિત્તે તેમણે પોતે કેટલાંક પુસ્તકો આપ્યાં અને પોતાના મિત્રો અને સ્નેહીઓ પાસેથી દરેક જણ દીઠ માત્ર રૂા. ૨૦ ની માગણી શરૂ કરી. અને જેમ જેમ એ રીતે રકમ ભેગી થતી ગઈ તેમ તેમ જુદા જુદા વિષયોને લગતા પુસ્તકોની પેટીઓ તૈયાર તેમણે કરવા માંડી, જેના પરિણામે તેમણે આજ સુધીમાં રૂ. ૫૦૦૦ એકઠા કર્યા છે અને તેમાંથી આજ સુધીમાં ૩૫૦ પુસ્તક પેટીઓ તૈયાર કરી છે. અને જુદી જુદી સંસ્થાઓમાં એ પેટીઓ તેમણે વહેંચી દીધી છે જેની યાદી નીચે મુજબ છે.

| | પુસ્તકો | પેટી |
|---|---|---|
| મુનીશ્રી મોહનલાલજી સેન્ટ્રલ લાઇબ્રેરી | ૧૦૦૦ | ૧૫૦ |
| જૈન મહિલા સમાજ | ૨૫૦ | ૩૦ |
| ભગિની સમાજ | ૩૫૦ | ૧૮ |
| હિંદ મહિલા સમાજ ( મરાઠી ) | ૧૦૦ | ૮ |
| મુંબઈ જૈન યુવક સંઘ પુસ્તકાલય | ૩૦૦ | ૨૪ |
| મુંબઈ હિંદી વિદ્યાપીઠ ( હિંદી ) | ૨૦૦ | ૧૨ |
| માટુંગા ગુજરાતી સેવાસમાજ | ૨૫૦ | ૨૪ |
| સાર્વજનિક વાંચનાલય, અગાસી | ૫૦ | ૪ |
| શાન્તિચંદ્ર સેવાસમાજ, અમદાવાદ | ૩૦૦ | ૩૦ |
| " " બારેજા | ૧૦૦ | ૧૦ |
| આપારાવ ભોળાનાથ પુસ્તકાલય, અમદાવાદ | ૩૦૦ | ૨૫ |
| રાષ્ટ્રીય યુવક મંડળ, અમદાવાદ | ૧૦૦ | ૧૫ |
| | ૩૩૦૦ | ૩૫૦ |

હમણાં હમણાં તેમણે થોડી પેટીઓ સર હરકીસનદાસ હોસ્પીટલમાં પણ મુકી છે. બીજમાંથી છોડ અને છોડમાંથી વૃક્ષ—એવી રીતે આ ઉત્તરોત્તર વિકાસ પામતી જતી અને સામાન્ય જનતાની જ્ઞાનરૂચિને તૃપ્ત કરતી અને રોચક તેમજ પુષ્ટિકારક વાંચન સાહિત્ય પુરૂં પાડતી આ પ્રવૃત્તિને હાથ ધરવા માટે શ્રી. ભોગીલાલ અમૃતલાલને ધન્યવાદ ઘટે છે. આ વાંચન કશું પણ વેતન કે લવાજમ લીધા સિવાય પુરૂં પાડવામાં આવે છે. ઉપર જણાવ્યા મુજબ જુદી જુદી સંસ્થાઓમાં મુકાયલી પેટીઓ દર પેટી દીઠ રૂા. ૨૦) અનામત લઈને એક માસ માટે આપવામાં આવે છે, અને એક પેટી પાછી લાવે તેને બીજી પેટી આપવામાં આવે છે. પેટી લઈ જનારના કુટુંબને તેમજ આડોશી પાડોશીને વિવિધ વાંચન સાહિત્ય વાંચવાનો લાભ મળે અને સામાન્ય જનતામાં વાંચનનો શોખ કેળવાય એ આ ફરતા પુસ્તકાલયોનો હેતુ છે અને તેથી પ્રસ્તુત પ્રવૃત્તિ સર્વ પ્રકારના આવકાર અને ઉત્તેજનને યોગ્ય છે.

## ગુજરાતી-સાહિત્ય પરિષદ

ગુજરાતી સાહિત્ય પરિષદની આગામી બેઠક વડોદરા મુકામે લેડી વિદ્યાબહેન નીલકંઠના પ્રમુખપણા નીચે ડીસેંબરની તા. ૨૫, ૨૬, અને ૨૭ મીએ ભરાઈ હતી. કળા વિભાગના પ્રમુખ તરીકે જાણીતા ચિત્રકાર શ્રી. કનુ દેસાઈની પસંદગી કરવામાં આવી હતી.

## ડૉ. બાલાભાઈ નાણાવટીનું ખેદજનક અવસાન

ગયા ડીસેંબર માસની ૨૪ મી તારીખે ડૉ. બાલાભાઈ નાણાવટીનું ૮૦ વર્ષની ઉમ્મરે અવસાન થયું છે. ડૉ. બાલાભાઈ જૈન સમાજની એક અગ્રગણ્ય વ્યક્તિ હતા. તેમના જીવનનો મોટો ભાગ તેમણે વડોદરા રાજ્યની નોકરીમાં પસાર કર્યો હતો. તેઓ કેટલોક સમય વડોદરાના ચીફ મેડીકલ ઓફીસર હતા અને કેટલાંક વર્ષ સુધી સદ્‌ગત મહારાજ સયાજીરાવના ખાસ તબીબ હતા. ડૉ. બાલાભાઈએ પોતાનું જીવન બહુ જ સાધારણ સ્થિતિથી શરૂ કર્યું હતું અને ઉચ્ચ ચારિત્ર અને ઉત્કૃષ્ટ પ્રકારની કાર્યદક્ષતા વડે તેમણે વડોદરા રાજ્યમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જૈન સમાજ સાથે પણ તેમનો ગાઢ સંપર્ક હતો. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના કેટલાક વર્ષ પહેલાં મુંબઈ ખાતે ભરાયલા અધિવેશનમાં તેઓ પ્રમુખ હતા. સામાજિક તેમજ ધાર્મિક વિષયોમાં તેઓ બહુ જ ઉદાર વિચારો ધરાવતા હતા અને જ્યારે જ્યારે પ્રસંગ મળે ત્યારે ત્યારે જૈન સમાજની સેવા કરવામાં તેઓ કદિ પાછીપાની કરતા નહોતા. તેમનું અંગત જીવન સાદાઈ અને ઉંડા સૌજન્યથી ભરેલું હતું. તેઓ આજે ઘણું જ આગળ પડતું અને સમૃદ્ધિશાળી કુટુંબ મુકી જાય છે જેમાં તેમના પુત્ર સર મંજુલાલ બાલાભાઈ નાણાવટીનું નામ જૈન જૈનેતર સર્વ સમાજમાં બહુ જ જાણીતું છે. તેમના અવસાનથી એક શાણા, દીર્ઘદૃષ્ટિવાળા, સેવાપરાયણ સજ્જન અને માર્ગદર્શક આગેવાન પુરૂષની જૈન સમાજને ખોટ પડી છે. પરમાત્મા તેમના પવિત્ર આત્માને પરમ શાન્તિ અર્પો!

---

સંસ્કૃતિનું તત્વજ્ઞાન એટલું સંગીન છે કે પાશ્ચાત્ય વિદ્વાનો પણ તેના મૂળભૂત સિદ્ધાંતોમાં સુધારો નથી સુચવી શક્યા.

એવી જ રીતે સાહિત્ય ક્ષેત્રમાં મહાકવિ કાલીદાસ જેવા સાહિત્ય સર્જકોથી ભારતીય સંસ્કૃતિનું ગૌરવવાળું સ્થાન છે. એજ રીતે કોઈ પણ ક્ષેત્રમાં ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધિ અને વર્ચસ્વ સ્વીકારવા જ પડશે: પરંતુ ગમે તેટલો વારસો મનુષ્યને આપો પરંતુ જો તે વારસાનું મૂલ્ય આંકી તે ન શકે તો તે નકામું છે. ભારતીય સંસ્કૃતિનું પણ આપણે સાચું મૂલ્યાંકન નહિં કરી શકીએ તો એ વારસો આપણો ટકવાનો નથી. સંસ્કૃતિ કદી સ્થગિત રહી ન શકે. સંસ્કૃતિનો ઇતિહાસ એટલે જ માણસની બુદ્ધિનો વિકાસ. વિકાસ ન થાય તો મનુષ્ય પશુ બની જાય પરંતુ આપણે તો આપણી સંસ્કૃતિને દાબડામાં પૂરીને તેને યાદ કરી કરીને આનંદ માણીએ છીએ. તેના સંસ્કરણની આપણે ચોખ્ખી ના પાડીએ છીએ. એ મૂર્ખાઈની પરિસીમા છે. દરેક વિષયમાં જોઈએ તો ક્યાં સદીઓ પહેલાંના સંસ્કારી પ્રજાજનો અને ક્યાં આજના મુંબઈની ચાલીમાં રહેનારા બાબુઓ!!

ભારતીય સંસ્કૃતિ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે, છતાં આપણે જીવનમાં અજ્ઞાનજ નહિ, કેવળ ગુલામ જ નહિ પરંતુ કેટલા બધાં દરિદ્ર છીએ!! આપણી સંસ્કૃતિ આટલી મહાન છે તેમ એક હિન્દુસ્તાનનું ધ્યાની બેસવું પડે તે પણ આપણી પામરતાની અવધિ છે. આપણે કેવળ ભૂતકાળમાં રાચીએ છીએ અને બુદ્ધિનો ઉપયોગ કરતાં નથી. મારે તો એટલું જ કહેવાનું છે કે આજના કાળબળને પારખીને આપણે આપણી સંસ્કૃતિને જીવનમાં પચાવવા કટિબદ્ધ થઈએ. એવા પુરૂષાર્થમાંજ આપણી સમૃદ્ધિનું સાર્થક્ય છે. નહિંતર આપણે મનુષ્યો પશુ કરતાં પણ અધમ છીએ. તેમ જણાવ્યા વગર છુટકો નથી.

(છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર)

**હંસાબહેન મહેતા.**

**પુનર્લગ્ન**

માંડલના વતની અને વીરમગામ તાલુકામાં મહાસભા વાળી કાર્યકર ભાઈ લીલચંદ મગનલાલે જૈન વિધવા બ્હેન સાથે પુનર્લગ્ન કર્યાં છે.

**ઈનામી હરિફાઈ**

પાટણ જૈન મંડળ તરફથી 'સ્ત્રીઓની પ્રગતિ રૂંધતા આપણા સામાજીક રિતરિવાજો પણ દેશની ગુલામી માટેનાં અનેક કારણોમાંના એક છે' એ વિષય ઉપર જૈન બ્હેનોમાંથી માગવામાં આવેલા નિબંધમાંથી બ્હેન સરોજ જે. ઝવેરી (મુંબાઈ) ને રૂપીઆ ૨૦નું અને રમણબ્હેન દુલ્લભચંદ શાહ (ભીલીમોરા) ને રૂપીઆ ૧૦નું સરસ્વતિબાઈ પ્રાઈઝ આપવામાં આવ્યાં હતાં.

પરમાનંદ

**જૈન સાધુઓથી સાવધાન**

હું નીચે સહી કરનાર જીવરાજ ભણસાલી આથી જૈનોને જાહેર કરી જણાવું છું કે મારા નાની ઉમ્મરના પુત્ર ભાઈ લક્ષ્મીચંદને અમદાવાદ ખાતે મારી આપેલી નોટીસ વિરૂધ્ધ જઈને દીક્ષા આપી છે; અને તે દીક્ષા આપનાર શ્રી સીદ્ધિસૂરીજીના શીષ્યના શીષ્ય શ્રી કંચન વિજય છે.

વિક્રમ સંવત ૧૯૯૦ ના મૂર્તિપૂજક સાધુ સમેલનના ઠરાવ વિરૂદ્ધ મારી પોતાની આજ્ઞા સિવાય ચોરી છુપીથી મારા પુત્રને દીક્ષા અપાઈ છે; તો સાધુઓ પાસે પોતાના બાળકોને મોકલતાં જૈનો અટકે તે દૃષ્ટીએ જ આ લેખ પત્રોમાં પ્રગટ કરવા મોકલેલ છે. કારણ કે પંચ મહાવ્રત અંગીકાર કરીને પણ આ સાધુઓ જુઠ અને ચોરી કરીને ધર્મનો મહીમા વધારવાના બ્હાને ઝુંકનારા છે.

મેં આ સાધુને તાર કરેલ છે અને પત્રો લખેલ છે, તેમજ બીજી જ સંસ્થા અને વ્યક્તિઓને પણ તાર કરેલ છે અને પત્રો લખેલ છે. છતાં તેનું પરીણામ પોતાના વ્રતોને નેવે મુકીને મારી પરવાનગી સિવાય દીક્ષા અપાઈ છે. તે સામે મારો વિરોધ જૈન જનતા સમક્ષ જાહેર કરૂં છું.

લી૦ જીવરાજ ભણસાલી.

## સંઘ સમાચાર

**શ્રી. માણેકલાલ ચુનીલાલનાં લગ્ન**

તા. ૧૯-૧૨-૪૩ ના રોજ મળેલી કાર્યવાહી સમિતિએ નીચે મુજબ ઠરાવ કર્યો છે.

ઠરાવ

શ્રી માણેકલાલ ચુનિલાલ એક હયાત પત્ની અને પાંચ હયાત બાળકો છતાં ફરીવાર લગ્ન કરવાના છે એવી વાત ચાર માસ અગાઉ જણાઈ ત્યારે યુવકસંઘના કાર્યકર્તાઓએ એ વાતને પ્રસિદ્ધી આપી આવું લગ્ન શેઠ માણેકલાલ ન કરે તેવી જાહેર પત્રમાં વિનંતી કરી હતી અને તેના પરિણામે શેઠ માણેકલાલે આવું લગ્ન પોતે કરવાના નથી એવો ખુલાસો એક દૈનિક પત્રમાં કર્યો હતો. આ છતાં સૌને અંધારામાં રાખી શેઠ માણેકલાલે આ અયોગ્ય લગ્ન કર્યું છે તેને મુંબાઈ જૈન યુવક સંઘની કાર્યવાહી સમિતિ વખોડી કહાડે છે અને શેઠ માણેકલાલનાં દુઃખી પત્નિ શ્રી કમળાબ્હેન અને બાળકો પરત્વે સહાનુભૂતિ દર્શાવે છે.

**રાહત ફંડને મદદ** રા. ૨૫) ભાઈશ્રી ઝવેરચંદ જીવરાજ તરફથી મળ્યા છે તે સ્વીકારવામાં આવ્યા છે.

**રાહત યોજનાનો લાભ** આજે લગભગ ૭૫ કુટુંબો લઈ રહ્યા છે.

—ગયા અંકમાં સુતર કંતામણની રાહતની યોજના રજુ કરવામાં આવી હતી તે રાહત જાન્યુઆરીની પહેલી તારીખથી શરૂ કરવામાં આવશે.

# કલાકારનાં મનોમન્થનો

(ગુજરાતી સાહિત્ય પરિષદના પંદરમા અધિવેશન પ્રસંગે કલાવિભાગના પ્રમુખસ્થાનેથી સુપ્રસિદ્ધ કલાકાર શ્રી. કનુ દેસાઈએ આપેલું વ્યાખ્યાન)

ગુજરાતી સાહિત્ય પરિષદે સાહિત્યના વિશાળ અર્થ કરી જીવનને ઉન્નત કરનારું સર્વ કાંઈ ગણી લઈ કલાને પણ તેના અંગમાં સમાવી લઈ, એક અત્યન્ત ઉદાર અને વિશાળ ભાવનાનો પાયો રચ્યો છે; નહિ તો રંગ અને રેખાના ઉપાસકને ભાષાના પંડિતો આગળ ઉભા રહેવાનો આવો અમુલો અવસર ક્યાંથી પ્રાપ્ત થયો હોત? મારી વિનમ્ર કલાસેવાઓને ગુજરાત આ રીતે ગણનામાં લઈને મારા જીવનને સધન્ય બનાવે છે અને તેથી હું ગુજરાતના સમસ્ત સાહિત્ય ઉપાસકોનો હૃદયથી ઉપકાર માનું છું.

આવાં કાર્યોને લાયક બીજા ઘણા સાહિત્યકારો અને કલાવિશારદો છે, અને તેઓનો સહકાર આપણી કલાના સંસ્કાર અને ઉદ્ધાર માટે જનતાને ઉપકાર થઈ પડયો છે. એ બધાના સુપ્રયાસોથી સાહિત્ય, નાટ્ય, શિલ્પ, સંગીત અને ચિત્રમાં ગુજરાતે નવી અસ્મિતા પ્રાપ્ત કરી છે અને ગુજરાતને ગુણગૌરવ અર્પ્યું છે; પરન્તુ હજુ આમ જનતામાં તેમના આદર્શો અને પ્રતિભા જોઈએ તેટલા પ્રમાણમાં આદર અને સ્વીકારને પ્રાપ્ત થયાં નથી. તેથી આવાં સંમેલનો દ્વારા, તથા દેશની વિદ્યાપીઠો દ્વારા તેની પ્રતિષ્ઠા અને સંપાદનકાર્ય અતિ વિસ્તૃત કરવાની જરૂર છે.

ભૂતકાળમાં તો ધનિક અને સામાન્ય પ્રજાજનોને ચિત્રકળા પ્રત્યે પ્રેમ હતો, તે બતાવતાં પુષ્કળ પ્રમાણપત્રો આપણી પાસે છે. મંદિરો અને પ્રસાદોના ભીંતચિત્રોની શૈલી સાધારણ જનસમાજ નીરખી શકે તેવી હતી; તેમાં સામાન્યથી માંડી ભવ્ય વર્ણનો અને કથાવાર્તાઓમાં ચિતરાયેલી ચિત્રમાળાઓ ઉચ્ચ કોટિના હતાં એમ જરૂર માલૂમ પડે છે. તે જોઈને પ્રેક્ષકોને ઉલ્લાસ અને આનંદ મળતો હતો એવું પણ આપણે વાંચીએ છીએ. પણ અત્યારે તેમાંથી આપણી પાસે થોડા ચિત્રો સિવાય કાંઈ જ રહ્યું નથી.

ઘણા વર્ષો પહેલાની બીજી કલાઓની સાથે સાથે આપણી ચિત્રકલામાં કેટલાક વિવેચકો વિદેશી શિક્ષણ અને સાંપ્રદાયિકતા જુએ છે, તેમને કલાશિક્ષાના પ્રાચીન સંસ્કૃત ગ્રન્થો જોવાની ભલામણ છે. કલાશિક્ષણથી પ્રજાનો ઘણો ભાગ પરિચિત ન હોય તો એ વિષય પર શાસ્ત્રીય વિવેચનો સંભવે નહિ. વિષ્ણુધર્મોત્તરપુરાણમાં ચિત્ર કરવાની ભૂમિકા કેવી રીતે તૈયાર થવી જોઈએ, કેવી જાતની પીંછીઓ ઉપયોગમાં લેવી, ઘરમાં, દીવાલમાં, મંદિરોમાં અને પ્રજાસમૂહને મળવાના આંગણાની દીવાલો પર કેવા ચિત્રો હોવા જોઈએ, તેની વિસ્તારથી ચર્ચા કરેલી છે અને એ મર્યાદાનો ભંગ કરનારને શાપિત ગણેલા છે. એ સમયે ચિત્ર વિનાના ઘરને સ્મશાન સમું ગણવામાં આવતું. એટલું સ્પષ્ટ છે કે રામાયણકાળથી માંડી ૧૮ મી સદીના અંત સુધી હિન્દુસ્તાનના પ્રાન્તેપ્રાન્તમાં લોકમાન્ય થયેલી કલા-રૂઢિઓ પ્રચલિત હતી અને સૌમાં પશ્ચિમ હિન્દુસ્તાન અને ગુજરાતમાંથી જેટલો ચિત્રકલાનો ઇતિહાસ મળે છે તેટલો ભાગ્યે જ કોઈ પણ પ્રાન્તમાંથી તે નથી મળ્યો. આજે યુરોપ તથા અમેરિકાના વિદ્વાન મંડળો બહુ એકાગ્રપણે તેનો અભ્યાસ કરવા લાગ્યા છે. એમને હિસાબે આપણી વિદ્યાપીઠો અને શિક્ષાગુરૂતા સંસ્થાઓએ કશું જ કર્યું નથી તેમ કહી શકાય. કાળાન્તરે પણ સચવાઈ રહેલા થોડા ચિત્રો ભારતીય કલાના દૃષ્ટિબિંદુનું મહત્વ પુરવાર કરે છે. બુદ્ધ અને શિવમંદિર સુશોભનો માત્ર નથી, પરન્તુ તેઓ

લાંબા સમયના ચિંતન અને શોધનની ભૂમિકા પરથી મનઃસંવેદના અને ચિંતનના અનુભવની ઝાંખી કરાવે છે. અજંતાના ભીંતચિત્રોમાં કલાના અનેક સ્વરૂપો મૂર્તિમંત થયા છે અને ભવ્ય સંસ્કૃતિની સાક્ષી પૂરે છે. તેમાં લાખો ભક્તહૃદયની આરાધ્ય મૂર્તિઓનું ચિત્રકારોએ અપાર્થિવ દર્શન કરાવ્યું છે. આપણા પૂર્વજોને મન કલા એ વિદ્યાપીઠની ચર્ચાનો વિષયમાત્ર નહોતી, કે નહોતી સામાન્ય સંપ્રાપ્તિ, પરંતુ માનવીનું જીવનને ઉન્નત કરનારું તત્ત્વ અને ચિત્તની પરમ સાધના હતું.

મધ્યયુગમાં વિગ્રહ, કલહ અને અહંતાના ઊંડા અંધકારમાં ડૂબી ગયેલા હિન્દુસ્તાનમાં અનેક જગ્યાઓએ કલાનો સોનેરી તંતુ અખંડ સચવાયો છે. બૃહદ્‌ભારતના વિશાળ સંસ્થાનોમાં મધ્ય એશિયા, બાલી, જાવા, સિયામ, તિબેટ અને ચીનમાં અજંતાના કલાના પ્રસાદ સમું રેખાવિધાન સચવાઈ રહ્યું છે. ભારતમાં આ સંસ્કૃતિ અને કલાના સુવર્ણયુગનો કેમ અંત આવ્યો તે ઇતિહાસના પાને પાને લખ્યું છે. પરદેશી આક્રમણો અને પરસ્પરના વિગ્રહોએ આપણી ઘણી સંસ્કૃતિને છિન્નભિન્ન કરી નાખી; છતાં જરાક સ્વસ્થતા થતાં, હિંદની કલાપ્રતિભા ૧૨ થી ૧૮ મા સૈકા સુધી નવા નવા અવતાર ધરતી આવી છે. રુદ્રમહાલય, ડભોઈ, ઝીંઝુવાડા, આબુના દેલવાડાનાં દેરાં, અને તે પછી અમદાવાદ અને ચાંપાનેર, તેમજ ૧૬-૧૭ મા સૈકામાં મોગલ સામ્રાજ્યની જાહોજલાલીએ બધી કલાઓને નવપ્રફુલ્લતા આપેલ જ કરી છે. ૧૮ મી સદી સુધી હિંદુસ્તાનને મૂર્તિકારો અને સ્થપતિઓની ખોટ પડતી નહોતી.

સર્જન અને સુશોભનોથી ટેવાઈ ગયેલા પ્રજામાનસે, એ સમયે ભારતમાં રજપૂતાના, માળવા અને ગુજરાતમાં નવી શૈલી જન્માવી અને તેનો પ્રચાર ૯ માથી ૧૫ મા સૈકાસુધી ચાલુ રહ્યો હતો, અને તેને જૈન સંપ્રદાય તરફથી બહુ સારો આશ્રય મળ્યો જણાય છે; કારણ કે જેસલમીર, પાટણ, અમદાવાદ, ખંભાત વગેરે જૈન ભંડારોમાં અતિ ઉત્કૃષ્ટ સુશોભન કૃતિઓવાળા ગ્રન્થો આજે પણ મોજૂદ છે; અને તે શ્રી સારાભાઈ નવાબના સુપ્રયાસથી જાણવા મળ્યું છે; પણ તે શૈલી ઇતર સંપ્રદાય અને સાહિત્યમાં પણ એટલી જ સમૃદ્ધપણે ઉપયોગમાં લેવાઈ છે, તે વાત "વસંતવિલાસ" અને "બાલગોપાલસ્તુતિ" આદિ નવા ગ્રન્થો મળતાં સિદ્ધ થયું છે.

ચિત્રકલાની આ વિશિષ્ટ શૈલીએ રાજસ્થાની કલમને જન્મ આપ્યો. એમાં રાગરાગિણીઓ, રાધાકૃષ્ણનાં ગીતો, લોકકથાઓ તથા મહાભારતનાં પ્રસંગોના ઉઠાવદાર અને સુરેખ આલેખનો થયાં છે. ૧૬ મી સદીના મુગલ સમય દરમિયાન રાજપૂત કલમનો સમાદર થયો હતો અને મોગલ શાહેનશાહતના સત્કારને પરિણામે, તે રાજપુત કલમે હિન્દમાં અજોડ એવું રંગ અને રેખાનું સૌન્દર્ય, માર્દવ અને લાલિત્ય મેળવ્યું છે.

મોગલ સામ્રાજ્યના પતન પછી હિમાલયની નજીકના રાજસ્થાનોમાં કેટલાક ચિત્રકારોને આશ્રય મળતાં; ત્યાંથી પહાડી કલમ નામે ઓળખાતી એક નવી મનોહર ચિત્રશૈલી પ્રચારમાં આવી. રાજપૂત અને પહાડી બન્ને શૈલીમાં ચિત્રિત પ્રસંગો તો એકસરખા જ છે, છતાં સુરુચિ અને રચના-સૌષ્ઠવમાં રાજપૂત કલમથી આ ચિત્રો જુદાં તરી આવે છે.

અંગ્રેજી શાસનસમયમાં ભારતીય કલાપદ્ધતિની ઉપેક્ષા જ કરવામાં આવી છે; એટલું જ નહિ પણ સુશિક્ષિત અને ધનિક વર્ગોના પ્રોત્સાહનના અભાવે તેનો વિનાશ થવા દેવામાં આવ્યો છે. કલાશાળાઓમાં હિંદી ચિત્રકલાનો સ્વીકાર કરવામાં આવ્યો નહોતો જ. અને યુરોપમાં જૂની થઈ ગયેલી ચિત્રરૂઢિઓ પ્રમાણે અભ્યાસ કોઠો બેસાડવામાં આવ્યો હતો; અને હજુ એ ભારતીય કલાનું શુદ્ધ સ્વરૂપમાં અનુષ્ઠાન અને અભ્યાસ કરવાની જોગવાઈ સરકારીતંત્ર કરી શક્યું નથી. ભારતીય સંસ્કૃતિની પરંપરાથી પોષાયેલી એ કલાથી એ શાળાઓનો અભ્યાસક્રમ નિર્લેપ હતો અને પારકી કલા હિંદી માનસમાં સર્જનશક્તિ જાગૃત કરી શકી નહિ. કલા વિષે કોઈપણ પ્રકારના અભ્યાસક્રમની સોઈ રાખી નહોતી. ચિત્ર, શિલ્પ કે નાટ્ય તેમને મન કોઈ પરભાષાના શબ્દો હતાં, છતાં રોમ ગ્રીસની શક્તિના ગુણ ગાતા થાકતા નહોતા.

આપણી અજંતા, ઇલોરા, રાજપૂત અને મોગલ કે રાજસ્થાની કલાસમૃદ્ધિનું પાન કરાવનાર કોઈ જન્મ્યું નહોતું કે કોઈએ એના મૂલ્ય આંક્યા નહોતાં. આપણા કેળવાયેલા વર્ગ પાસે શબ્દો હતા, લાગણી નહોતી. આપણા દેશના ચિત્રો, ગરબી, નૃત્ય કે ઉત્સવોમાં એમને આનંદ નહોતો અને એથી જ આપણી કલાની અવનતિ થઈ. આપણું ઘર કલા વિનાનું, આનંદ વિનાનું દુઃખી અને વિરૂપ થઈ પડ્યું. આપણી સંસ્કૃતિ ઉપર વિદેશી અસરની અવધિ થઈ છે. રાચરચીલાથી માંડીને દરેક ચીજો પર તેમની છાપ પડી છે; અને તે એટલે સુધી કે આપણા વિદ્વાનોએ આપણી સંસ્કૃતિના વિવેચનો ભાગ્યે જ દેશની ભાષામાં લખ્યા હશે. સામાન્ય કેળવણી પામેલા વર્ગને પણ કલા વિષેનું જ્ઞાન તો અપ્રાપ્ય જ રહ્યું. પરન્તુ—

સ્વામી વિવેકાનંદ, સિસ્ટર નિવેદિતા, આનંદકુમાર સ્વામી, પ્રિન્સિપાલ હેવલ અને કવિવર ટાગોરના શાન્તિનિકેતનના સંદેશાઓ રાષ્ટ્રોદ્ધારની ભાવના સેવનારાઓએ પહેલા ઝીલ્યા; અને પૂ. ગાંધીજીના આગમન પછીથી તો હિન્દુસ્તાનની સંસ્કૃતિ અને અર્થશાસ્ત્રપર પ્રજાએ નવયુગનિર્માણ કરવા આત્મનિર્ણયનો સિદ્ધાન્ત સાબિત કરી દીધો છે. એટલે હવે યુરોપના મૂલ્યાંકનો ઉપર જ જીવતો કલારસિક વર્ગ આજે ઓછો થતો જાય છે. ભારતીય દૃષ્ટિબિંદુ તેમ જ ભારતીય સંસ્કૃતિની લહેરો બતાવતી કલા લોકાદર પામતી થઈ છે; અને તેમાં આપણી રાષ્ટ્રિય જાગૃતિ લોકોમાં પોતાપણું બતાવવા આગ્રહ જણાવે છે. પોતાના દેશની સંસ્કૃતિ અને પ્રતિષ્ઠા જાળવવાની તમન્ના જાગી છે. શિક્ષણમાં રાષ્ટ્રિયતા અને સ્વનિર્ણયનો સિદ્ધાંત વિદ્યાપીઠે કબૂલ કર્યો. તેને લઈને જ મારી પોતાની કલા મુંબઈ ઇલાકામાં પ્રવર્તતી કલાથી અલગ માર્ગે વળી છે અને તે કલાની પાછળ શ્રી. હેવલ, શ્રી. અવનીંદ્રનાથ, શ્રી. રવીન્દ્રનાથ ટાગોર, શ્રી. નન્દલાલ બસુ જેવાની તપશ્ચર્યાનું પીઠબળ છે. તેમાંથી જ આત્મપ્રતિભા જાગૃત કરવાનો મંત્ર ગ્રહણ કરી મેં કલાની ઉપાસના અને અનુષ્ઠાન કર્યાં; અને તેના પ્રસાદ રૂપે ગુજરાતને જનતાની અને સાહિત્યની સેવા કરવાની મને અનેક તકો મળી છે. મારી તો ખાત્રી જ થઈ છે કે કલાની દીક્ષા આપવાનો અધિકાર રોમ, ફ્રાન્સ કે ઇંગ્લાન્ડની મોટી કલા-પીઠો કે સરકારે નીમેલા અધિકારીઓના હાથમાં નથી. પણ પ્રજાજીવનનો સાચો પરિચય, તેનું લાગણીપૂર્વક દર્શન, અને સહૃદયતાથી કરેલો આવિષ્કાર કલાની કૃતિઓને લોકસન્માન્ય બનાવી શકે છે.

આગળ કહ્યું તેમ, આપનો બધાનો અનુભવ છે કે પચાસ વર્ષ સુધી યુરોપીય ધોરણે અપાયેલું શાળાઓનું ચિત્રશિક્ષણ અને યુરોપીય ગુરુઓનું વિશૃંખલ કલાઅધ્યાપન ત્રણ, ચાર પેઢીઓ થવાં રાષ્ટ્રિય અભિરુચિમાં કે રાષ્ટ્રિય ઉન્નતિમાં અથવા કલા કે, સંસ્કૃતિના વિસ્તારમાં કશો ફાયદો આપી શક્યું નથી. તે ઉપરાંત યુરોપની કલા શીખવા યુરોપ જઈ આવેલ અનેક હિંદી કલાપંડિતો પણ હજુ સુધી પ્રાચીન ભારતની કલાકીર્તિને ઉજાળે એવી

કોઇ ભવ્ય કૃતિઓ પ્રજાસન્મુખ ધરી શકવા નથી. આ રીતે કલાતત્વોનો વિચાર અને મૂલ્યાંકન યુરોપને મ્હોંયે કરાવવા જતાં આપણે અપમાનિત અને શૂન્ય પ્રતિભાવાળા ગણાયા છીએ; બલ્કે તેથી ઊલટું જ જે કાળમાં પરદેશનાં કોઇપણ સાધનો અને સહયોગ મળતાં નહિ. તેવે સમયે ભારતે નિજસંસ્કાર બળે જે ભાવના અને કલાશિલ્પની વિરલ સમૃદ્ધિ ઉપજાવી છે તેના આંક સુધી હજુ કોઇ પહોંચી શક્યું નથી, એ શું સૂચવે છે? કલાનિર્માણ માટે અને કલાની રસલહાણ માટે આપણને યુરોપના આદેશો અને મંત્રો કોઇ પણ રીતે ખપમાં આવી શકે તેમ નથી.

વેદો, ઉપનિષદો, રામાયણ અને મહાભારત કે પુરાણો, નાટકો કે મહાકાવ્યો સર્જનારી પ્રતિભા હિન્દમાં જેટલી બહુ પ્રમાણમાં હતી તેટલી જ નૃત્ય, સંગીત, ચિત્ર અને સ્થાપત્યની અપ્રતિમ સૃષ્ટિ ભારતની ભૂમિ પર પાંગરી રહી હતી, અને આજે તેનો પુરાવો માગનાર માણસ મૂર્ખ જ ગણાવો જોઇએ.

આપ પૂછશો કે એ સૃષ્ટિના મંત્રગુરૂઓને ક્યાં શોધવા? યુરોપના પાઠ્યપુસ્તકો અને વાર્ષિકો વિના અમારૂં શું થાય? અમે શુદ્ધ ભારતીય કલારસ શી રીતે પ્રાપ્ત કરી શકીએ? તો મારો જવાબ એ જ છે કે આપ યુરોપ અને યુરોપીય સામગ્રી પરથી દૃષ્ટિ પાછી ખેંચી લો, અને આપના યંત્રસામગ્રીથી સુસજ્જ થયેલા હોલ્ડ્ઝમ અને ધમાલિયા નગર છોડી ભારતની સાચી જનતા અને ભારતભૂમિની સુંદરતા જોવા બહારગામ નીકળો. તમારૂં હૃદય શુદ્ધ હશે, તમારી વિચારશક્તિ શુદ્ધ હશે, તમે સાચા હિંદીજન હશો તો તમને ભારતીય જનતાનું જીવન, સુંદરતા અને કલાના કુમકુમ પગલે રંગાયેલું દેખાશે. જ્યાં જુઓ ત્યાં કોઈ ખેડૂત, તો કોઇ મહિયારી, તો કોઇ ઘાસચારો લઇ જતી સ્ત્રી, તો કોઇ પાવા વગાડી આનંદ લેતો ભરવાડ છોકરો, કે વૃક્ષ હીંડોળે રમતાં બાળકો સુંદરતાને ખોળે અચૂક જોવા મળશે.

આવા અસંખ્ય ચિત્રો કોઈ ફૂટપટ્ટીથી અંકાશે નહિ. આ ચિત્રો કોઇ તમને બતાવશે નહિ, પણ મને વારંવાર પૂછવામાં આવે છે કે આ બધું શિક્ષણ ક્યાંથી તમે મેળવ્યું? એ કાર્ય શિક્ષણથી નથી બનતું. ભૂમિપરનો પ્રેમ અને દરેક વસ્તુ કે પ્રસંગમાં ઓતપ્રોત થઇ રસ લેવાની ઊર્મિ મને ચિત્રોની ભરતી લાવે છે. મારા ઘણાં વિદેશી મિત્રોએ પણ એવુ જ ચિત્રોની પ્રશંસા કરી છે. મારી જનતા મને સમજે છે, મારૂં હૃદય ઓળખે છે અને મને દરેક જગાએ કે કોઇપણ પળે ચિત્રો દેખાયા વિના રહેતા નથી.

કલાની પ્રદીપ્તિ મનુષ્યને એવો સંસ્કાર આપે છે કે એ દ્વારા જીવનના અનેક રસો અને ઉલ્લાસોનો એ સહેજે ભોક્તા બની શકે છે, સંગીત કે નાટક કે શિલ્પ કે ચિત્ર એ બધી કલાનો એક મહાન યોજનામય રાસ તેને દેખાય છે, અને તેથી પ્રત્યેકમાં રહેલા તાલ અને ડોલનનો ઉન્માદ તે અનુભવે છે. તેનું ચિત્ત સમાધિયોગને પામે છે અને તેથી જે કોઇ વસ્તુ, ક્રિયા કે પ્રવૃત્તિનો તે વિચાર કરે છે ત્યાં એ જ ડોલન અને સ્પન્દનથી નવા સ્વરૂપો, નવા આકારો જન્માવવાની શક્તિ ઉત્પન્ન થાય છે. આ સમાધિયોગ એટલે પરમાત્માની સર્જનશક્તિ સાથે સહયોગ એક રીતે કહો તો કલાકાર એ પરમાત્માનો દૂત બની, તેની સૃષ્ટિને સવિશેષ શણગારથી વિસ્તારવાનો અધિકાર મેળવે છે; એટલે નિરાકાર ઇશ્વરસ્વરૂપોને તે પાષાણ, લાકડા, કે ચિત્રપટપર સાકાર બનાવે છે, પદાર્થો પર, વસ્ત્રો પર કે કાગળ પર ખાલી જગ્યામાં તે રંગ અને રૂપની નવી ભરતી ઉતારે છે અને માનવીના ઇતિહાસમાં અમર આનન્દની લહરીઓ મૂકતો જાય છે.

આવતી કાલની ઉષાના રંગો કલાકારની કલ્પના જ રંગશે, અને તેના સદ્ગુણો જ જગતમાં પવિત્ર રંગોથી રંગાયેલું ભવ્ય સર્જનરૂપે રહેશે. આજનો કલાકાર આવતી કાલના નવી પ્રેરણા અને કલ્પનાસામગ્રીના અનુભવો આપી સમાજસંસ્કૃતિને સ્વતંત્રતાની ટોચે સ્થપશે જ. પરંતુ તે પહેલાં એનો એ અધિકાર મેળવવાને તેને શાં શાં તપ, શાં શાં મનોમન્થનો અને કેવી કેવી કૌશલ્યપરાયણતાનો સંચય કરવો પડશે તેનો ક્રમ માત્ર માનસશાસ્ત્રના અભ્યાસીઓને જ સમજાશે. જીવનનાં અગોચર આદર્શો પ્રથમ જોવા મથનાર, તેનો અનુભવ આપનાર અને જન્મ આપનાર કળાકારની મનોવ્યથા પ્રસવ કરનાર સ્ત્રીના કરતાં પણ અનેક ગણી વિશેષ હોય છે, અને એવાને કાજે જો સંસારમાં યોગ્ય સાધનો, સગવડો અને અવસરો ના મળે, તો કોઇક જ તેમાંથી સહીસલામત પાર ઉતરી શકે છે. એવા દુર્ભાગી કલાકારના જીવનમાં કાં તો ભાવનાનો ગર્ભપાત, કાં તો માનસ વિભ્રમ, અથવા નિરાશાની કાળી ખીણમાં તેને જીવનભર નિષ્ફળતાના ડંખો ભોગવતા રહેવું પડે છે.

સંસારની બેપરવાઇ, બેકદર અને દરિદ્રતા, દુઃખોમાંથી કોઈ પાર નીકળ્યો તો તેને ઉલ્લાસ અને ઉત્સાહનો જીવનસંદેશ આપનાર પયગમ્બરનું સ્થાન જરૂર મળે છે; પણ પ્રજા સમસ્તની ઊંડી મનોવાંછનાઓ જ્યારે પૂરે, ત્યારે જ તેવો ભાગ્યશાળી કળાકાર પ્રજાને સાંપડે. એવા પુરૂષની શોધ માટે પ્રત્યેક દેશના સરકારી મંડળો આખી પ્રજા માટે કોઇ એવી યોજના ધરાવે છે કે દેશના કોઇ પણ ખૂણે સર્જનશક્તિનો અંકુર દેખાય તો તેને ગામ, જીલ્લા કે પ્રાંતના અધિકારીઓ યોગ્ય પ્રકાશ અને ઉત્સાહ આપી પ્રજાના મુખ્ય કલાકેન્દ્ર સુધી પહોંચાડવાનાં પૂરતા સાધનો અને સહાય આપ્યા કરે? એ સાથે જોઇએ તો આપણા પ્રાન્તમાં કલાના વાચિકને માટે કેટલા આશ્રયસ્થાનો કે અવલંબનનાં સાધનો છે? જર્મની, ફ્રાન્સમાં કે અમેરિકામાં ગામેગામની શાળાઓ કલારસિકોનો ફાળો ઉત્તેજવાને, સાચવવાને, હરીફાઇ કરતી જણાય છે; અને પ્રજામંડળો તેઓની કૃતિઓનો આદર કરવાને માટે સ્પર્ધા કરી રહ્યા હોય છે. ગામેગામ મુખ્ય મહાલયો કલાકારો પાસે નગરનો ઇતિહાસ કે ઉદ્યોગનો ઇતિહાસ ચિતરાવે છે, મહાન સંસ્કૃતિકારો પાસેથી કથા આલેખાવે છે. કુદરત અને જીવસૃષ્ટિના અદ્ભુત દૃશ્યો શાળાઓ, હોસ્પિટાલો, નગરભુવનો, રેલવે કે કારખાનાઓમાં કલાકારને હાથે રજુ થાય છે અને લોકો તેમની આંખે દેખાયેલું નવું સત્ય અને નવું સૌન્દર્ય જોતાં અને સમજતાં શીખે છે.

હવે આપણી દશા જુઓ! છેલ્લા વર્ષોમાં આપણું સર્જન શું? આપણી આંગળીને વેઢે ગણીએ તેટલા પણ કલાનાં શિલ્પ પ્રતિમાઓ કે ચિરંજીવ ચિત્રોના નામ આપી શકશો? કોઇ એવું ભવન કે મંદિર બંધાયું છે કે જેની રાજપૂત કે મોગલ ભવન સાથે સરખામણી કરી શકીએ? રાજા રવિવર્મા જેવા સમર્થ કલાકારના ચિત્રો વીસરાવા લાગ્યા છે અને ભીંતો પરથી અદૃશ્ય થાય છે તો પછી દિવાળી અંકોના તંત્રીની કલમે ગર્જના કરતા ચિત્રોનો હિસાબ ક્યાં રહ્યો? એવા કેટલા ચિત્રો આપણને મળ્યા છે કે જેની વાતો આપણે દશ વર્ષ કરીશું? તો પછી સૈકાઓથી કલાની કસોટી ઝીલી રહેલા અજન્તા, ઇલોરા અને હિન્દના અનેકાનેક શિલ્પસ્વરૂપોની હોડ કોણ કરી શકે? એનું કારણ શોધશો તો જણાશે કે જનસમુદાયમાં કલાની અભિરૂચી અને રસિકતા પોષનારી અને રક્ષનારી સંસ્થાઓનો લોપ થયો છે; અને એવી સંસ્થાઓને અભાવે સાચા મહ્યાંકનો કરનારા માણસોની ખોટ પડી છે. એટલે જ કલાકાર કે કારીગર એક બજારૂ આદમી માત્ર બની

ગયો છે; અને તેને પોતાનાં સર્જનો વિકસાવવાનો કે ઉન્નત બનાવવાનો કોઇ અવસર સાંપડ્યો નથી. કલાના યુરોપીયન શિક્ષકોએ યુરોપના ધોરણે હિન્દી વિદ્યાર્થીઓને શિલ્પ અને ચિત્રકામ શીખવ્યાં, અને એમને હિન્દુસ્તાનનાં મકાનોમાં ચિત્રો કરવાના કામમાં રોક્યા. જાણે કે એ રીતે હિન્દુસ્તાનની લોકરુચિને તેઓ બહુ ઉન્નત કરી નાખતા હોય! પણ હિંદુસ્તાનની ઊંડી ધર્મસંસ્કૃતિ અને નૈતિક ભાવનાને તેઓ કદી નહિ સમજ્યા હોવાથી એવા ચિત્રોનો શું ફેજ થયો છે તે સમજાવવું મુશ્કેલ નથી. દીલ્હીના સરકારી મહાલયમાંનું ચિત્રકામ હિન્દી જનતાને શું સંદેશો આપી શક્યું છે? અને હેલ્લામાં હેલ્લા મુંબઇના સિનેમાગૃહમાં કરેલા યુરોપીયન ચિત્રકામનો પાઠ હિન્દુસ્થાન માટે ક્યા પ્રકારનો છે તે સમજાવી શકશો? છતાં તત્કાલપુરતી તેની બોલબાલા અને વાહવાહ કરતા પત્રકારોએ કલાનું તેમાં શું નવું હાર્દ જોયું છે તે આપણે પૂછવું જોઇએ.

હિન્દુસ્તાન પાસે અનેક સૈકાઓથી કલાકૃતિની એક મહાન કસોટી ચાલી આવી છે અને તે છે કલાના સંસ્પર્શદ્વારા જીવનનું ઉન્નતિકરણ, આત્માની રસસમાધિ, હૃદયની સંસ્કૃતિ, કલાકૃતિઓમાંથી તમને મળી રહી છે. એ જાણી શકો એટલે એ કૃતિઓને તમારા જીવનની તમારી આરાધ્ય પ્રતિમાઓ બનાવવા તમે જરાએ સંકોચ માનતા નહિ. આજના યુરોપે તો આ બાબતમાં હિન્દુસ્તાન પાસેથી શીખવવાને બદલે શીખવાનું રહ્યું છે. યુરોપની કલામાંથી એમનો નવો સાહિત્યકલાયુગ આવ્યો ત્યારથી જ ભાવના અને સંસ્કૃતિનો નાશ થયો છે; પણ હિન્દમાં ક્યાંક ક્યાંક તેનાં થોડાં તત્વો મોજુદ છે. હિંદુસ્તાનની કલામાં, સૌન્દર્યભાવના ઉપરાંત એક પ્રકારનું ધર્મબળ છે તે આજે કોઇ સમજતું નથી અને એનો ઉપયોગ કરી જાણતું નથી. એ તત્વને આજની કેળવણી, પુરાણ, સંસ્કૃતિ અને કલાનાં અભ્યાસને જુદાં પાડી જુદી દૃષ્ટિથી જુએ છે. દરેક દેશની કલાનો પાયો એ દેશના ચારિત્ર્યબળમાં નંખાયેલો હોય છે. એટલે જ્યારે આપણે આજની બજારૂ કલા હિંદની સુપ્રસિદ્ધ શિલ્પસમૃદ્ધિ સાથે સરખાવીએ છીએ ત્યારે એમાં ક્યાંથી આ ભાવ અને દિવ્ય દૃષ્ટિ ઉતરી આવી તેનું આશ્ચર્ય માત્ર થાય છે. એ તો સાવ દેખીતું જ છે કે આપણે ગ્રીસ અથવા પ્રાચીન હિંદની સાથે સરખાવતાં આપણી આજની કેળવણી સાવ નમાલી છે, કારણ કે પ્લેટોના શબ્દોમાં કહીએ તો "જીવનને ઉન્નત કરનારા પૃથ્વીના સૌન્દર્ય સ્વરૂપોનો પ્રયોગ આપણે સમજતા જ નથી. "Neglect to use the beauties of Earth as Steps along which we mount upwards." આજની કેળવણીથી અને આજની વ્યાપારબુધ્ધિમાં જન્મેલા હલકા આદર્શોથી કંગાળ બનેલા ભારતને ગુમાવેલી મનુષ્યજાતને પહેલી સૌન્દર્યપ્રતિભાની ખોટ ક્યારે પુરાશે! પોતાના પાશ્ચિમાત્ય સંસ્કારો અને ધોરણોને વળગી રહીને કોઇપણ યુરોપીયન હિંદી સંસ્કૃતિ કે કલા સમજવાનો દાવો કરે તો તે મિથ્યા છે. હિંદી દૃષ્ટિ મેળવ્યા વિના હિંદી કલા ગ્રીસ રોમનો ઉતાર છે, ક્યા કે પડઘો છે, એવું માનનારને શી રીતે સમજાય કે હિંદની સૌન્દર્યદૃષ્ટિ કાવ્ય, નાટક અને કલાઓમાં સાવ અનોખી છે અને જીવનના ગૂઢતમ રસાસ્વાદ અર્પનારી હોવાથી પશ્ચિમના કલાકારોને પણ અભ્યાસપાત્રરૂપ છે? ગુપ્તયુગની સાહિત્યસમૃદ્ધિ, ભરતનાટ્ય, કથકલિ, મણિપુરી, કથકલી નૃત્યવૈવિધ્યના પડઘો હિંદના વિરાટ શિલ્પો અને રૂપવિસ્તારમાં નથી શું?

મુગલ સમયના તહેવારો જોઇ આપણે છક થઇ એ છીએ. હલેરાના પ્રચંડ શિલ્પ મુગ્ધ ભાવે નીરખીએ છીએ, તેનું ખંડેરપણું વીસારી તેમાં અહોભાવ ધરીએ છીએ, છતાં દેશના બુદ્ધિમાનો રાજ્ય અને શિક્ષાના તંત્રવાહકો તેની અસર વિસ્તારવાને શું કરે છે? મેકોલેના ચેલાઓ ભલે માને કે હિંદી કલા માલ વગરની છે, પણ યુરોપીયન કલા કદી જ નહિ આપી શકે એવું આપનારી અમૂલ્ય પ્રતિભા હિંદીવાનોને ફાળે તો રહેશે જ. ભલે આજના મેકોલેના વિદ્યાર્થીઓ આ મહામૂલા વારસાથી વંચિત રહ્યા પણ હવે તેમની પ્રજા ન રહી જાય તે જ જોવાનું છે. આપણે તો હવે ઉગતી પ્રજાની તરફ જ આશાથી જોવાનું રહ્યું છે. તેઓ પોતાના દેશની મહામૂલી કલાસંપત્તિનો આદર કરતાં શીખે, સાચા કલાકારને પિછાની સમાજમાં તેની પ્રતિષ્ઠા સ્વીકારે અને સંસારના વ્યવહાર-માત્રમાં કલાની સૌરભ અનુભવે, ત્યારે જ પ્લેટોનું ઉપર્યુક્ત વચન સાર્થક થાય. બીજી તરફ કલાકારનો પરમ ધર્મ રહેશે કે તેણે પોતાની કલાકૃતિને જીવનને હીન કે અધોમુખ કરનારાં તત્વોથી મુક્ત રાખી સમાજને સંજીવન અને નવ્ય(?)ફુલ્લતા અર્પે એવા સર્જનો કરી બતાવવા પડશે. એવા કલાસંસ્કારથી મી. એમર્સન કહે છે તેમ—"Function of Art is to give to pots and pans the grace of Romance." વ્યવહારના રાચરચીલાં અને પદાર્થોમાં અદ્ભુત આકર્ષણ ઉત્પન્ન કરવું એ કલાનું પરમ કર્તવ્ય બનશે અને કલા પ્રત્યેક માણસના ઘરમાં રાજરાણી થઇને મહાલશે. એટલે કે પ્રત્યેક મનુષ્યમાં રહેલો કલાવંત આત્મા સચેત બની જીવનને અનેકવિધ દિશામાં તેજસ્વી અને સંસ્કારી બનાવી શકશે.

ઘણા કલાકારોનો પોકાર છે કે તેમની કદર થતી નથી. તેમનું યોગ્ય મૂલ્યાંકન થતું નથી, અને તેમના હક્કો કોઇ દબાવી પડ્યું છે કે લૂંટી જાય છે. તેમને આશ્વાસનરૂપે એટલું જ કહેવાનું કે ભાઇઓ! હિંદમાં કલાનું ક્ષેત્ર તો બહુ બહોળું પડ્યું છે પણ એ ક્ષેત્રમાં ઉભા રહેવાનો પૂર્ણ અધિકાર મેળવવા જેટલું આપણું તપ થયું નથી; એટલે જ પાછળ પડીએ છીએ. રાજા રવિવર્મા પછી આજ સુધીનો ઇતિહાસ તપાસો તો જણાશે કે આપણા રાજદરબારો અને સરકારી સંસ્થાઓએ કલાની કૃતિઓ પાછળ અને તસવીરો પાછળ લખલૂંટ ખર્ચ કર્યો છે; પણ તેનો લાભ યુરોપમાંથી આવેલા નિષ્ણાત ચિત્રકારોને જ સ્થાનિક રાજકર્તા અમલદારોની ચિઠ્ઠીઓથી મળ્યો છે. છતાં બે કાઠિયાવાડના બે બાહોશ તસવીરકારોએ તેમની હરીફાઇમાં ભાગ લઇ પોતાનો ભાગ્યોદય કર્યો હતો તે યાદ રાખવું જોઇએ. વઢવાણના પોર્ટ્રેટ પેન્ટર શ્રી નાનાલાલ જાની અને રાજકોટના શ્રી છોટાલાલ તેજપાળના નામ મશહૂર છે. દિલગીરી એટલી જ કે 'પોર્ટ્રેટ પેઇન્ટિંગ'ના ખીલતા ધંધામાં યુરોપીય કલાકારોની જોડમાં ઉભા રહેવા કોઇપણ તરુણને યુરોપની સંપૂર્ણ તાલીમ લેવાની તક મળી નથી. રાજકોટમાં જ્યુબિલી મહેલમાં યુકસની દરબારી તસવીરો જુઓ, ના. જામસાહેબના સંગ્રહ જુઓ અને છેવટે અહીં વડોદરા શહેરના મહેલો અને મ્યુઝિયમો જુઓ, તો હિંદી કળાકાર ક્યા ખૂણે છે. તે શોધવું મુશ્કેલ પડશે: અને હવે તો યુદ્ધનિર્ગમ થતાં યુરોપીયન, અમેરિકન કે ગમે તે મુલકના નિષ્ણાતો હિંદના સદ્ધર રજવાડા અને શ્રીમંત ગ્રાહકોને હાથ કરવા આકાશપાતાળ એક કરશે. એક જર્મન આવીને કાશ્મીરથી કન્યાકુમારિ સુધીના રાજ્યમહેલોના સુશોભનો, ચિત્રો હાથ કરી શક્યો હતો તે સુવિદિત છે. બજારની ખુલ્લી હરીફાઇમાં કામ આપવાની શક્તિ આપણા કલાકારો કેળવી શક્યા નહિ હોવાથી જ રોદણાં રોવાના રહે છે. જેઓ પોતાના ધંધાની તાલીમ અને શિસ્ત મેળવી કામની ખરદાસ્ત કરી શક્યો છે તેને વિજય મળ્યો છે.

બંગાળી અને મહારાષ્ટ્રીય કલાકાર બંધુઓનો આ બાબતમાં સદુદ્યોગ પ્રશંસનીય છે. ગુજરાતી ભાઈઓ કરતાં તેઓ વધુ ખીવટ અને ચીકટ અભ્યાસ પૂર્ણ કરી, યુરોપ અમેરિકા અને અન્ય દેશોમાંથી વિદ્યાની પૂર્ણતા સાધતા આવ્યા છે, હિંદની કલાસંસ્થાઓમાં પોતાના હકોનો દાવો કરી શક્યા છે. બંગાળના કલાકારો તો બે કે ત્રણ પ્રાન્તોમાં સરકારી કલાશાળાઓના મુખ્ય પદો હાથ કરી શક્યા છે; અને મુંબઈમાં પણ એવી યોગ્યતા ધરાવનાર ઘણા કલાકારો મહારાષ્ટ્રમાંથી તૈયાર થઈ ગયા છે, એટલું જ નહિ પણ કાર્યસિદ્ધી ધરાવે છે. દરેક જણ સાર્વજનિક પ્રદર્શન માટે કંઈને કંઈ શક્તિનો પરચો આપી રહ્યો છે. એ બધા વચ્ચે ગુજરાતી કલાકારોએ કંઈક વિશેષતા સિદ્ધ કરી બતાવવી જોઈએ. Sportive Competition ખેલદિલભરી સ્પર્ધા કલાકૌશલ્યમાં જરૂર લાભદાયક બનશે.

હું ગુજરાતી કલાકાર મિત્રોને હિતભાવે એવું પૂછીશ કે હિન્દી કલામાં બંગાળના કલાસ્વામીઓએ કંઈ આગેકદમ કરી બતાવ્યું તેના હિસાબે આપણે કેવું કરી શક્યા છીએ અને છતાં તેમની તરફ કટાક્ષ કરવામાં કે વખત પડતાં ઉતારીને બોલવામાં પાછા નથી રહેતા. શ્રી. અવનીંદ્રનાથ અને શ્રી નન્દલાલ બસુની કલાસાધના અને તપશ્ચર્યા આપણે માટે હજુ આદર્શ રહ્યા છે. શ્રી મુકુલ દે, રમેન ચક્રવર્તી, યામિની રોય, પી. સેન વગેરે જેટલી કલાનિષ્પત્તિમાં સ્પર્ધા થઈ જ નથી.

યુરોપીય શૈલીએ શીખેલા કલાકારોએ પણ શું કરી બતાવ્યું છે? સૌરાષ્ટ્ર અને ગુજરાતના અદૃશ્ય થતાં ભાતની પાત્રોની તસવીરો લેવાને એરસ્ટ્રીયાની મુનર બાઈઓ નીકળી પડી, પણ કયો તરણ મિરમાં, ભીલોમાં કે રાનીપરજમાં રખડ્યો? કામ કરી બતાવે તેનું મૂલ્યાંકન થાય. ભાત વગરની શાની કદર થાય? ગિરનાર, આબુ, શત્રુંજયનાં દૃશ્યો કોઈ સમર્થ ગુજરાત-પ્રેમી કલાકારની રાહ જોઈ રહ્યાં છે. ભીલો, ધારાળા, કોળીઓ, કણબીઓ અને રાનીપરજનાં નૃત્યો, ગરબા અને જાગના નૃત્યો ચિત્રકારની પીંછી માટે અપૂર્વ સાધન છે. ક્ષેત્ર મહોળું અને ખુલ્લું છે. જૈન સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય અને રાસમાળાઓ પર નવી કલમ ચાલવી જોઈએ. આપણે તો કામ કરનારા જોઈએ. ધરાની ચિત્રકાર મિ. કામ્બાટેરિયાં એકલો આવીને હિંદની બધી ગુફાઓના ભીંતચિત્રો કોઈના આશ્રય વિના કરી ચાલી ગયો અને એમ કરીને પણ આપણા ખડેરોની કલામાંથી એ હજારો રૂપિયા રળી શકે છે.

આજની ગુજરાતી સંસ્કૃતિનું દર્શન, સાહિત્યના સચોટ આકર્ષક પ્રસંગોનું ચિત્રનિરૂપણ, કવિ દયારામ, પ્રેમાનંદનાં પાત્રો અને કૃતિઓનું રૂપકરણ ગુજરાતી કલાકારની રાહ જુએ છે. આજના યુગનાં મનોમંથનો, સિદ્ધિઓ, રાષ્ટ્રવિધાયકો, વિરાટ વિગ્રહોનો ઇતિહાસ કલાકારની પીંછીએ નહિ ચઢે ત્યાંસુધી કલાકારને પિછાનશે કોણ? રાષ્ટ્રના અને પ્રજાના સુખ દુઃખ અને ભાવનાનો ચિતારો તે ન બની શકે ત્યાંસુધી તેના રંગ અને પીંછીનું સાર્થક શું?

એક વખત રંગભૂમિ ઉપર આપણા સર્વ કલાસંસ્કારને ખીલવવાની તક મળતી હતી, પરંતુ જ્યારથી સુશિક્ષિતજનો તેમાંથી વિમુખ બન્યા ત્યારથી તે માત્ર સામાન્ય પંક્તિના જનસમાજના આનંદપ્રમોદકેન્દ્ર બની અને કલાનિપુણતા, ઉચ્ચ આંક ધરાવતા નટો, દૃશ્યવિધાયકો અને સંગીતકારોનો હ્રાસ અદૃશ્ય થયો. ઉચ્ચ કોટિની પ્રતિભાનું સર્જન અને ઉચ્ચ કોટિની કલાભર્મજ્ઞતા ભારતીય સંસારમાંથી લુપ્ત થઈ. કવિ કાલિદાસ ભવભૂતિ અને શેક્સપીયર જેવાં નામો આજની રંગભૂમિ પર એક અશક્ય સ્વપ્ન બની રહ્યાં છે; પણ આજની ચિત્રપટ સૃષ્ટિએ ઘણા થોડા સમયમાં કલાકારો માટે નવા સંસ્થાનો ઉઘાડયાં છે, જ્યાં કુશળકાવ્યકલાધરો, પંડિતો, ચિત્રકારાઓ, સંગીતકારો, અભિનયકારો, નૃત્યકારોને એમની સર્વોચ્ચ શક્તિ વિકસાવવાની, પ્રગતિ સાધવાની અમૂલી તકો મળી શકે તેમ છે; અને જેઓ એવી કસોટીઓમાંથી પાર ઉતરી શક્યા છે તેમની પ્રતિષ્ઠા અને મૂલ્યાંકનો પણ અગાઉ નહિ જોયેલા એવા આંક પર પહોંચતાં જાય છે. માત્ર રંગ અને પીંછીના આધારથી આજે કલાકારની છાપ પડતી નથી. અપૂર્વતાનું સર્જન અને આકર્ષણની પ્રગાઢ શક્તિ જેઓ સાધી શક્યા હશે તેમને જ ત્યાં આગેકદમ મળે છે. પણ જેઓ ઉછીની પીંછીની શક્તિઓ ચોરી અથવા નકલના પ્રકારો ધપાવી દઈને પોતાનો સિક્કો ચલાવવા ધારે છે, તેમને ફિક્કા પડી જતાં વાર લાગતી નથી. સર્જક કલાકારનો માર્ગ કોઈ રોકી શક્યું નથી એ આજે બેહદ ઊંડળની ચિત્રરેખાઓએ સિદ્ધ કરી દેખાડ્યું છે. પાત્રો, મકાનો, અભિનયો, મુદ્રાઓ, રંગો અને રૂપો કલાકારના સર્જનસાગરમાંથી નીકળવા માંડે છે. ત્યારે દુનિયાના ચેતનવંતા પૂતળાંઓ કરતાં પણ તેમને વધારે પ્રસિદ્ધિ અને વધારે સંપત્તિ પ્રાપ્ત થાય છે; અને એ રીતે કલાકાર સંપત્તિ અને સમૃદ્ધિનો સાચો નિર્માતા ઠરે છે.

ગુજરાતે આજે આખા ભારતવર્ષના ઇતિહાસમાં કલાના સમુત્થાનમાં પોતાનું પ્રકરણ આરંભી દીધું છે. એની હવે કોઈ ના પાડશે નહિ. ચિત્રપટની સૃષ્ટિમાં સમર્થ દિગ્દર્શકો, નેપથ્ય-વિધાયકો અને તેને સમર્થ સાહિત્યસ્વામીઓનો તેમાં સાથ મળ્યો છે, આપણા તરફ, કલાકારોને દુર દુર પ્રદેશોમાં ચિત્રાલયોમાં સ્થાન અને કીર્તિ મળ્યાં છે અને આપણા તરફ, કુમારકુમારી. એોમાં કલાના વિવિધ પ્રકારોને ખીલવવાની અજબ તમન્ના જાગી દેખાય છે. શહેરોમાં અને ગામડાઓમાં નાટ્ય, નૃત્ય, ચિત્ર, ચિત્રપટ એ દરેક કલામાં રસ જાગ્યો છે, અને દરેક કલાના પ્રસંગોપાત પ્રદર્શનો પણ યોજાય છે. એ પ્રસંગે દેશના કલાકારોનો પરિચય, કલાચર્ચા, અને કલાકૃતિઓનો આદર પણ થતો દેખાય છે. ગુજરાતી જનતામાં ગુજરાતી કલાકાર એ એક આદરપાત્ર વ્યક્તિનું સ્થાન ભોગવવા લાગ્યો છે, અને સામાન્ય જનસમૂહમાં તેની કૃતિઓની છાપેલી પ્રતો ઠેર ઠેર ભીંતો પર સ્થાન પામતી જાય છે. આ એક એવી નક્કર હકીકત છે કે તેને પ્રજાની સહૃદયતાની સાચી નિશાની તરીકે ગણી શકાય. આપણે ઇચ્છીશું કે ગુજરાતની કલાનો, ગુજરાતી સંસ્કારિતાનો, ગુજરાતની અસ્મિતાનો એકેએક કલાકાર પ્રતિનિધિ બની પ્રત્યેક રાજતંત્રમાં, સંસ્થામાં અને પ્રત્યેક ઉદ્યોગકેન્દ્રમાં મુખ્ય પદે વિરાજી ગુજરાતનું નવયુગવિધાન કરનારો સમર્થ સેનાની બની રહે અને કલાની રોશનીથી સંસારના બધા વ્યવહારોમાં નવીન દીપ્તિ, નવું સૌજન્ય અને નવીન પ્રતિભા પ્રકટાવી મનુષ્યમાત્રને જીવનના ઉલ્લાસ અને પ્રેરણા યથેષ્ટ ભોગવતા કરે.

કનુ દેસાઈ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૮

મુંબઈ: ૧૫ જાન્યુઆરી ૧૯૪૪ શનિવાર.

લવાજમ રૂપિયા ૨

## ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન

આ ડીસેંબર માસની ૨૫, ૨૬, અને ૨૭ મી તારીખે ગુજરાતી સાહિત્ય પરિષદનું પંદરમું સંમેલન વડોદરા ખાતે લેડી વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠના પ્રમુખસ્થાને ભરાઈ ગયું. આ સંમેલનની કેટલીક વિશેષતાઓની નોંધ અહિં અસ્થાને નહિ ગણાય. એક તો છેલ્લા દોઢ પોણા બે વર્ષથી ચાલી રહેલી ભાંગફોડ અને સરકારી દમનનીતિના પરિણામે દેશમાં આવા સામાજિક સમારંભો લગભગ અશક્ય બની ગયા હતા. આવા ગાળે રાજ્યની મદદથી આ સમારંભ યોજાયેલો હોઈને લોકોનો ઉત્સાહ પાંખવિનાનો હતો; પ્રવાસની આટલી બધી હાડમારીઓ હોવા છતાં બહારથી પણ નાના મોટા સાક્ષરો તેમજ ઇતરજને બહુ સારી સંખ્યામાં વડોદરા ખાતે ઉતરી આવ્યા હતા. પરિષદ સંમેલન કે રંજન કાર્યક્રમ-ઉભયમાં માનવમેદિની ખીચોખીચ જામી હતી. ટીકીટ કે પાસના અભાવે કેટલાયને નિરાશ થવું પડ્યું હતું. સાહિત્ય પરિષદના આગળ ઉપરના સંમેલનોમાં લોકોનો આટલો બધો ઉત્સાહ અને શ્રોતાગણની આવડી મોટી ભરતિ ભાગ્યે જ જોવામાં આવી હતી. પ્રસ્તુત સંમેલનની બીજી વિશેષતા એ હતી કે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને એક સન્નારી હોય એવો આ પહેલો જ પ્રસંગ હતો. લેડી વિદ્યાબહેન મુંબઈ યુનીવર્સિટીના પહેલાં સ્ત્રી ગ્રેજ્યુએટ, સદ્‌ગત સાક્ષરવર્ય રમણભાઈ મહીપતરામ નીલકંઠના સંપૂર્ણ અર્થમાં સહધર્મચારિણી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના કેટલાંક વર્ષોથી પ્રમુખ અને અનેક સાહિત્યક તેમ જ સામાજિક પ્રવૃત્તિઓના પ્રેરક તેમ જ સંચાલક. તેમનું પ્રમુખ તરીકેનું ભાષણ અનેક મનનીય વિચારોથી ભરેલું હતું અને શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી ભાષાનો થવો જોઈતો સર્વત્ર સ્વીકાર અને ગુજરાત યુનીવર્સિટીની અનિવાર્ય આવશ્યકતા એ વિષયો ઉપર જ આખા ભાષણમાં મોટે ભાગે ચર્ચા કરવામાં આવી હતી. તેમના ભાષણમાં કેટલુંક ચર્વિત ચર્વણ જેવું હતું અને કમનસીબે ગુજરાતી સાહિત્યને સ્પર્શતું કશું પણ વિવેચન તેમના વ્યાખ્યાનમાં સ્થાન પામ્યું નહોતું. કળાવિભાગના પ્રમુખ તરીકે શ્રી કનુ દેસાઈનું વ્યાખ્યાન હૃદયંગમ અને "પરિમિત વિસ્તારમાં પોતાના વિષયનું નિરૂપણ કરતું હોઈને સૌથી વધારે આકર્ષક હતું. સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે શ્રી. ધૂમકેતુનું વ્યાખ્યાન અનેક વિષયોને સ્પર્શતું અને દરેક બાબત ઉપર નવી નવી વિચાર સ્ફુરણાઓ રજુ કરતું હોઈને સાહિત્યના અભ્યાસીઓને વિશેષ આકર્ષક બન્યું હતું. વિજ્ઞાન વિભાગના પ્રમુખ સ્થાનેથી શ્રી. ભોગીલાલ પટવાના વ્યાખ્યાનમાં વિજ્ઞાન વિષયક કેટલીક ચર્ચા ઉપરાંત પોતાના ખાસ અભ્યાસના વિષય-ખગોળ અને પંચાંગ ઉપર અનેક મૌલિક વિધાનો અને અભ્યાસપૂર્ણ સમાલોચના રજુ કરવામાં આવી હતી. પ્રસ્તુત સંમેલનમાં કુલ અગિયાર ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. તેમાં પહેલા ચાર ઠરાવો અનુક્રમે સદ્‌ગત આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, મહાદેવ દેસાઈ, અંબાલાલ જાની, ભિક્ષુ અખંડાનંદ, મણિલાલ છબારામ દેસાઈ અને કરૂણાશંકર કુબેરજી ભટ્ટના અવસાનની નોંધ લેનારા હતા. પાંચમો ઠરાવ ગુજરાતી બોલતી પ્રજા માટે એક વિદ્યાપીઠ સ્થાપવા કેટલાંય વર્ષોથી સેવાતી આવેલી આકાંક્ષા હાલના સંયોગોમાં કેમ પૂર્ણ થાય તેનો વિગતવાર વિચાર કરવાની પરિષદને સુચના કરવાને લગતો હતો. છઠ્ઠા ઠરાવનો આશય હિંદની પ્રાન્તીય ભાષાઓની પરિષદો વચ્ચે નિકટનો સંબંધ કેળવાય એ હેતુથી હિંદી સાહિત્ય સંમેલન, રાજપૂતાના સાહિત્ય સંમેલન અને ગુજરાતી સાહિત્ય પરિષદના અગ્રેસરો વચ્ચે ત્રણે સંસ્થાઓને નિકટ લાવવાના પ્રયાસોને આવકાર આપવો અને એ પ્રવૃત્તિને આગળ ધપાવવા પરિષદને સુચના કરવી એ હતો. સાતમો ઠરાવ ગાંધીજીના કારાવાસને લગતો નીચે મુજબ હતો. "પરિષદ સંમેલનના એકવારના પ્રમુખ, ગુજરાતી સાહિત્યના નવવિધાનના પ્રેરક અને ઘડવૈયા, અને હિંદુસ્થાનની સંસ્કૃતિના વિશ્વરૂપ પ્રતિનિધિ મહાત્મા ગાંધીજીના ચાલુ બંધનથી સાહિત્ય, સંસ્કાર અને માનવતાનો ખાસ કરીને હિંદુસ્થાનના વિકાસનો અવરોધ થાય છે તે પ્રત્યે આ સંમેલન પોતાનો ઉગ્ર અસંતોષ વ્યક્ત કરે છે" આ ઠરાવમાં રહેલી મુખ્ય બાબત વિષયવિચારિણી સમિતિમાં ખુબ ચર્ચાનો વિષય બની હતી. એક પક્ષ આવી સાહિત્ય પરિષદે સરકારી ખાતે અવકૃપાના પાત્ર બનેલા ગાંધીજી વિષે ઠરાવ કરવો ન જોઈએ એવો મત ધરાવતો હતો. બીજો પક્ષ ગાંધીજીના ચાલુ કારાવાસથી આપણા દિલમાં ચોવીશે કલાક જે આગ સળગી રહી છે તેને સચોટ રીતે વ્યક્ત કરે એવી ભાષામાં પ્રસ્તુત ઠરાવ ઘડાવો અને પસાર થવો જોઈએ એવો અભિપ્રાય ધરાવતો હતો. ગાંધીજી વિષે આ પરિષદ સંમેલને કશો પણ ઠરાવ કર્યો ન હોત તો આ સંમેલન નમાલું અને કેવળ શબ્દપૂજારીઓના મેળા જેવું ગણાત. જે આકારમાં પ્રસ્તુત ઠરાવ પસાર થવા પામ્યો તે ઉપર જણાવેલ બે પક્ષની ખેંચતાણનું પરિણામ હતું એ સ્પષ્ટપણે તરી આવે છે અને તેથી એ ઠરાવની વાક્યરચનામાં જોઈએ તેટલી સચોટતા કે નિડરતા જોવામાં આવતી નથી. આઠમો ઠરાવ ગુજરાતી ભાષા બોલનારાઓને હિંદી-હિંદુસ્થાનીને રાષ્ટ્રભાષા તરીકે અપનાવવાનો આદેશ કરતો હતો. અત્યાર અગાઉ થઈ ગયેલા કચ્છ-કાઠીઆવાડ-ગુજરાતના સર્વ સંગ્રહોનું પુનરાવર્તન કરવા બ્રીટીશ ગુજરાતની તેમ રાજસ્થાની કચ્છ-કાઠિયાવાડ અને ગુજરાતની સરકારોને નવમો ઠરાવ સુચના કરતો હતો. દશમા ઠરાવમાં એવી માગણી રજુ કરવામાં આવી હતી કે મુંબઈ યુનીવર્સીટીએ હિંદની ભાષાઓ દ્વારા ઉચ્ચ શિક્ષણ આપવાની ગોઠવણ કરવી જોઈએ

અને અંગ્રેજી ભાષાને એક અર્વાચીન પાશ્ચાત્ય ભાષા તરીકેનું સ્વાભાવિક સ્થાન આપવું જોઈએ. અગિયારમા ઠરાવમાં કવિવર પ્રેમાનંદના નિવાસ સ્થાન વડોદરામાં ભરાયલા આ સંમેલન તરફથી એ કવિવરનું સ્મરણ તાજું રહે એટલા માટે (૧) ગુજરાતીના ઉચ્ચ અભ્યાસને અને સંશોધનને પોષે એવી એક સંસ્થા વડોદરામાં સ્થાપી તેની સાથે પ્રેમાનંદનું નામ જોડવાની તેમજ કવિવર પ્રેમાનંદની શિલ્પાકૃતિ વડોદરા કોલેજ જેવા વિદ્યાલયમાં ઉભી કરવાની શ્રીમંત ગાયકવાડ સરકારને વિનંતિ કરવામાં આવી હતી અને (૨) મધ્યકાલીન શિષ્ટ ગુજરાતી સાહિત્યના ગ્રંથોનું શાસ્ત્રીય પદ્ધતિએ સંપાદન કરાવવું અને તેને પ્રેમાનંદ સ્મારક ગ્રંથમાળા નામ આપવું અને તે માટે પ્રેમાનંદ સ્મારક ભંડોળ ઉભું કરવું એમ આ સંમેલન તરફથી પરિષદને સૂચના કરવામાં આવી હતી. આ અગિયાર ઠરાવોમાં ગુજરાત વિદ્યાપીઠ અને પ્રેમાનંદ સ્મારકને લગતા ઠરાવો ઉપરનાં વિવેચનોએ ખાસ કરીને ખુબજ વખત લીધો હતો. સંમેલનનો કાર્યક્રમ 'રાત થોડી અને વેશ ઝાઝા' જેવો હતો. પરિષદમાં પસાર થયેલો એક પણ ઠરાવ વિવાદાસ્પદ હતો જ નહિ, તેથી જરૂર જણાય તો ખાસ ઠરાવ ઉપર એક કે બે અધિકારી પુરુષો સંક્ષેપમાં પોતાના વિચારો રજુ કરે અને બાકીના ઠરાવો પ્રમુખસ્થાનેથી રજુ થાય એવી ગોઠવણ રાખવામાં આવી હત, તો પરિષદનો ઘણો સમય બચત અને નિબંધ-વાંચન જેની કેવળ ઠેકડી જ કરવામાં આવી હતી તેને ઘણો વધારે વખત આપી શકાત. પ્રસ્તુત સંમેલનનું જેમને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું તે કાંઈ અજાણી વ્યક્તિ નહોતી. તેમની દરખાસ્ત અને ઓળખાણ આપવાની ઔપચારિક વિધિ પાછળ લગભગ દોઢ કલાક ગુમાવવો પડયો હતો. વિભાગી પ્રમુખોને પોતે મહામહેનતે તૈયાર કરેલાં વ્યાખ્યાનો દશ પંદર મીનીટમાં પતાવવા પડયા હતા. સંમેલન ઉપર જુદા જુદા લેખકોનાં સંખ્યાબંધ નિબંધો આવ્યા હતા. તેમાંથી કેટલાક વિશિષ્ટ નિબંધો સંમેલનમાં વંચાય તે માટે તારવવામાં આવ્યા હતા. આમાંથી બહુ જ થોડા નિબંધો રજુ કરવામાં આવ્યા અને તે માટે દરેક નિબંધકારને ચારથી પાંચ મીનીટ આપવામાં આવી. આથી કેટલાય આશાસ્પદ લેખકોને ભારે નિરાશા થઈ. આવું હવે પછી બનવા ન પામે તે માટે પરિષદના ચાલુ કાર્યક્રમમાં કેટલાક મૌલિક ફેરફારો કરવા જોઈએ. એક તો આજે આપણા સાહિત્ય અને સાહિત્યકારોમાં આમજનતાનો અને વિદ્યાર્થીવર્ગનો રસ ખુબ જ વધતો જાય છે અને આવા પ્રસંગે તેઓ બે નવી વાતો જાણવા સાંભળવા માટે બહુ મોટી સંખ્યામાં ધસી આવે છે. તેમને સંતોષ કેમ મળે તેનો પુરો વિચાર અને યોજના આવા સંમેલનના સૂત્રધારોએ કરવાં ઘટે છે. બીજી બાજુએ આવે પ્રસંગે જાણીતા તેમજ ઉગતા લેખકો જુદા વિષયો ઉપર સંખ્યાબંધ નિબંધો મોકલે એટલું જ નહિ પણ તેમાંના સારા સારા નિબંધો સંમેલનમાં વંચાય એ પણ એટલું જ ઇચ્છવા યોગ્ય છે. આ સાથે આવું નિબંધ-વાંચન સામાન્ય જનતાને ભારે કંટાળારૂપ નીવડે છે એ પણ હંમેશનો અનુભવ છે. આ બન્ને બાબતનો સમન્વય સાધવા માટે પ્રમુખની નીમણુક, પ્રમુખનું વ્યાખ્યાન અને બીજી ઔપચારિક બાબતો વિશાલ સંમેલનમાં પતી જાય ત્યાર બાદ સંમેલન બે વિભાગમાં વહેંચાઈ જવું જોઈએ. એક બાજુએ જાણીતા સાક્ષરો જુદા જુદા વિષયો ઉપર એક પછી એક ગોઠવેલાં વ્યાખ્યાનો આપે અને જાણીતા કવિઓ પોતાનાં કાવ્યો સંભળાવે એવી સામાન્ય જનતા માટે ગોઠવણ થવી જોઈએ અને બીજી બાજુએ નિબંધ-વાંચનની શ્રેણી શરૂ થવી જોઈએ જેમાં જેને રસ પડે તે જાય. આમાં પણ જરૂર લાગે તો વિભાગવાર વહેંચણી કરવી કે જેથી પરિષદ ઉપર આવેલા નિબંધો બહુ મોટી સંખ્યામાં રજુ થઈ શકે. છેલ્લે દિવસે છેવટના બે કલાક બાકું આખું સંમેલન એકઠું થાય જ્યારે નક્કી કરાયલા ઠરાવો પસાર કરવામાં આવે અને અન્તિમ આભાર નિવેદન વગેરે ઉપચાર વિધિ પતાવવામાં આવે. આવી કાંઈક કાર્યક્રમરચના સાહિત્ય પરિષદના સંચાલકોએ વિચારવી ઘટે છે.

સંમેલનના અંગમાં એક કળા પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન ખુબ આકર્ષક હતું. તેની અંદર ગુજરાતના જાણીતા ચિત્રકારોની અનેક કળાકૃતિઓ ઉપરાંત કેટલાય નવા ઉગતા ચિત્રકારોની કૃતિઓ જોવામાં આવતી હતી. આ પ્રદર્શનમાં કટાક્ષ ચિત્રોના જાણીતા સર્જક શ્રી. શંકરના કટાક્ષ ચિત્રોનો સંગ્રહ એક આકર્ષક અંગ હતું. આખું પ્રદર્શન આજે ગુજરાતમાં ચિત્રકળાની જે વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેનો સારો ખ્યાલ આપતું હતું અને ભાવી ઉત્કર્ષની આશા પ્રેરતું હતું.

પ્રસ્તુત સંમેલનના અનુસંધાનમાં ત્રણે દિવસ રાત્રીના એક ભારે રંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એ કાર્યક્રમ દરમિયાન બીજે દિવસે રાત્રે સાક્ષરવર્ય શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઈનું 'શક્તિસંભવ' નામનું નાટક ભજવવામાં આવ્યું હતું. નાટકની વસ્તુ અને રચના બહુ સાધારણ અને અમુક રીતે કહીએ તો પ્રયોજનશૂન્ય લાગતી હતી, પણ નાટક બહુ સુંદર રીતે ભજવાયું હતું અને તેમાં પણ શ્રી. રમણલાલનાં પુત્રી સુધાબહેને પોતાના વિશિષ્ટ અભિનયથી પ્રેક્ષકોનું ખુબ રંજન કર્યું હતું. ત્રીજા દિવસે રાજ્યના સંગીતકારોનો જલસો હતો. આ દિવસે પ્રેક્ષકોએ ખુબ અશાન્તિ દાખવી અને ગરબડ કરી, જેના પરિણામે ફૈયાઝખાન જેવા જાણીતા ગવૈયાએ અપમાનિત થઈને પોતાનું ગાનું એકાએક બંધ કર્યું હતું. નાટકશાળા પ્રેક્ષકોથી એટલી બધી ચીકાર ભરાયેલી હતી કે શાન્તિ જળવાવી બહુ જ મુશ્કેલી હતી. એમ છતાં પણ આપણામાં શિસ્ત નથી, સભ્યતા નથી, ઉંચી કળાની કદર નથી એ શોચનીય હકીકત ઉપરના બનાવથી તરી આવતી હતી.

સંમેલનના ભવ્ય સમારંભનાં બે શુભ પરિણામ તારવી શકાય. એક તો પ્રેમાનંદ સ્મારક પ્રવૃત્તિનો ઉદ્ભવ. આશા રાખવામાં આવે છે કે વડોદરા રાજ્ય આ પ્રવૃત્તિને બહુ સંગીન ટેકો આપશે અને પ્રસ્તુત સંમેલનનું આ રીતે વડોદરા માટે એક ચિરસ્મરણીય પરિણામ થોડા વખતમાં આપણે જોવા પામીશું. બીજું ગુજરાત યુનીવર્સીટીના ખ્યાલને આ સંમેલને આપેલો અસાધારણ વેગ. શ્રી. વિદ્યાબહેનના આખા વ્યાખ્યાનનો ઝોક આ બાબત ઉપર જ હતો. શ્રી કનૈયાલાલ મુનશીએ પણ પોતાના સ્વાભાવિક વેગથી આ બાબતને ઉપાડી લીધી છે અને ગુજરાત યુનીવર્સીટીના સ્વપ્નને બહુ જ નજીકના ભવિષ્યમાં મૂર્ત કરવા માટે જરૂરી હીલચાલ શરૂ કરી દીધી છે. ગુજરાત યુનીવર્સીટીની આવશ્યકતા કે ઉપયોગીતા વિષે બેમત છે જ નહિ. તેવી યુનીવર્સીટી ઉભી થતાં ગુજરાત કાઠિયાવાડમાં ઉચ્ચ શિક્ષણને ઘણો મોટો વેગ મળે અને શિક્ષણનું માધ્યમ ગુજરાતી સ્વીકારાતાં ગુજરાતી ભાષા-સાહિત્ય ફાલવા અને ફુલવા માંડે અને અણખેડાયલા અનેક ક્ષેત્રોમાં સાહિત્યનું ખેડાણ શરૂ થાય અને વિશિષ્ટ સાહિત્ય-કૃતિઓનો વિપુલ ફાલ ઉતરવા માંડે. આ કાર્યને માત્ર સાહિત્યકારોએ નહિ પણ ગુજરાતી અસ્મિતા અનુભવતી સમગ્ર ગુજરાતી પ્રજાએ પુરા ભાવ અને ઉત્સાહથી અપનાવી લેવું જોઈએ અને ગુજરાતી શ્રીમાનોએ પોતાની ધનસંપત્તિ વડે આવા ગરવી ગુજરાતના પરમ ઉત્કર્ષસાધક કાર્યને પુરી ઉદારતાપૂર્વક નવાજવું જોઈએ.

પરમાનંદ.

સંબંધો બંધાય નહિ, ચોતરફ હડધુત થાય અને પોતાના ગામ કે શહેરમાં રહેવું તેને ભારે પડી જાય. અને આ બધું શેને માટે ? માત્ર પોતે જે સંપ્રદાયમાં છે તેની ચાલુ માન્યતાથી પોતે જરાક દૂર જવાની હીંમત કરી અને પોતાના સંપ્રદાયને માન્ય નથી એવા એક ગુરૂ વિષે પોતે જરા વધારે પડતો આદર દર્શાવ્યો એટલા માટે. આજે જ્યારે ચોતરફ માન્યતાપરિવર્તનો ચાલી રહ્યા છે અને બાપ અને દીકરા વચ્ચે અને પતિ અને પત્ની વચ્ચે પણ માન્યતાભેદો અને મતભેદો હોય એવી આપણી ચાલુ જીવનની સ્વાભાવિક સ્થિતિ થઈ પડી છે, ત્યારે એક ચોક્કસ સમાજના દીર્ઘદર્શી આગેવાનો પોતાનીજ સમાજના સંખ્યાબંધ ભાઈ બહેનોને માન્યતાભેદના કારણે પોતાના સમાજની બહાર કરવાની ધમકી આપે, એ આજના જમાનામાં કલ્પનામાં આવે તેવું નથી, એમ છતાં કમનસીબે એક વાસ્તવિક હકીકત તરીકે સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી.

વિશેષતઃ પ્રસ્તુત સમાજબહિષ્કારની ધમકીનાં જે પરીણામ આવે. કેટલાક લોકો સમાજ બહિષ્કારના ભયંકર પરિણામોથી ડરીને શ્રી. કાનજી મુનિ વિષે અંતરમાં પુરી શ્રધ્ધા અને ભક્તિ ધરાવતા છતાં બહારથી શ્રી કાનજી મુનિ પ્રત્યેની શ્રધ્ધાનો ઇનકાર કરે. બીજી બાજુએ જેઓ પોતાની માન્યતાને મક્કમપણે વળગી રહે તેઓ પોતાની જાત અને કુટુંબ પર પાર વિનાની સામાજીક આફતો નોતરે. આ બન્ને પરિણામો શું સમાજના વિશાળ હિતની દૃષ્ટિએ ઇચ્છવા યોગ્ય છે ?

સ્થાનકવાસી કોન્ફરન્સના–શ્રી. કાનજી મુનિના અનુયાયીઓનાં બહિષ્કારને લગતા–ઠરાવનો આશય કોમમાંથી કલહ અને વીખવાદને દૂર કરવાનો છે એમ કહેવામાં આવે છે. પણ આવી સમાજબહિષ્કારની પ્રવૃત્તિને વેગ આપવાથી કોઇ પણ કોમ કે જ્ઞાતિના કલહ અને વીખવાદ કદી શમન પામ્યા સાંભળ્યા છે ખરા ? ઉલટું શ્રી. કાનજી સ્વામીના કારણે આજે જે કલહ, વીખવાદ અને ખળભળાટ કમનસીબે પેદા થયા છે તેને કોન્ફરન્સના ઠરાવથી વિશેષ પ્રોત્સાહન મળ્યું છે, અને કોન્ફરન્સે જે દોરવણી પોતાના સ્થાનકવાસી સમાજને આપી છે તે દોરવણીનો જો સ્થળ સ્થળના સંઘો ખરેખર અમલ કરશે તો આજના, સ્થાનકવાસી સમાજની સંખ્યાને તો ઘણો ધક્કો લાગશે એટલું જ નહિ પણ પ્રસ્તુત ઠરાવના ગર્ભમાં રહેલ સમૂહ-સંઘબહિષ્કારના પરિણામે સ્થળે સ્થળે અનેક નવા ઝગડાઓ પેદા થશે અને સમાજને છિન્ન ભિન્ન કરી નાખશે.

પ્રસ્તુત સંઘ બહિષ્કારની પ્રવૃતિ કેટલી ગેરડહાપણ ભરેલી છે એનો પણ થોડો વિચાર કરવા સ્થાનકવાસી ભાઈઓને મારી નમ્રભાવે વિનંતિ છે. આજે એવી સ્થિતિ છે કે કેટલાક ભાઇઓ અને કેટલીક બહેનો શ્રી. કાનજી મુનિના અનુયાયી બન્યા છે; જ્યારે તેમનાં અન્ય કુટુંબીજનો આ બાબતમાં કાં તો ઉપેક્ષા ધરાવે છે અથવા તો મનથી વિરોધ ચિન્તવે છે. ભાઇશ્રી ખીમચંદ વોરા પોતાના એક લેખમાં જણાવે છે કે “ શ્રી કાનજીભાઇની પંડ સુધીની પધારી છે. જે સિદ્ધાંતોમાં સત્યનું અન્વેષણ નથી, જે વસ્તુ વસ્તુ જ નથી એનું અસ્તિત્વ ટકવાનું નથી.” વળી તેઓ જણાવે છે કે, “શ્રી કાનજીભાઇ પ્રત્યે આકર્ષાયેલા ભાઇઓ જ્યારે કાનજીભાઇના સિદ્ધાંતો કેટલા વિપરીત છે એ જાણશે તેજ ઘડીએ તેઓ સ્થાનકવાસી સમાજમાં દૃઢ માન્યતા ધરાવતા થઇ જશે.” આમ બનવું સંભવિત નથી એમ કોઇ કહી નહિ શકે. અને જો એમ બને તો જે ભાઇઓને સ્થાનકવાસી સમાજ પોતાથી દૂર મૂકેલા લેખવામાં આવેછે તે ભાઇઓ આપોઆપ પોતામાં ભળી જશે. પણ તે ત્યારે જ બને કે જો એ ભાઇઓના કહેવામાં આવતા ઉન્માર્ગગમનની આજે ઉપેક્ષા કરવામાં આવે તો. પણ જો આજે ઉભી કરવામાં આવેલી બહિષ્કાર પ્રવૃત્તિનો યથાર્થસ્વરૂપે અમલ કરવામાં આવે તો પરિણામે એ બધા ભાઇઓને જ માત્ર નહિ પણ તેમના કુટુંબકબીલાને સ્થાનકવાસી સમાજ હંમેશને માટે ગુમાવશે, તેઓ સ્થાનકવાસી સમાજથી હંમેશને માટે વિમુખ બનશે. આવો કેવળ ખોટનો વ્યાપાર અને સમાજહ્રાસનો વ્યવસાય શાણો સમાજ તો કદિ નજ કરે.

આ ઉપરાંત શ્રી કાનજી મુનિની પ્રવૃત્તિનાં બીજાં ગમે તે પરિણામો આવે, પણ આપણે જરૂર ઇચ્છીએ કે આજે જૈન સમાજ અનેક સંપ્રદાયમાં વહેંચાયલો છે, તેમાં વળી કાનજી સ્વામીનો એક નવો સંપ્રદાય ન વધે તો સારૂં. કોઇ નવો સંપ્રદાય ઉભો થવા ન દેવો એ આપણા હાથની વાત નથી. પણ આવો કોઇ સંપ્રદાય ઉભો થાય અથવા તો પુષ્ટ થાય એવું કોઇ કાર્ય તો આપણા હાથે થવું ન જ જોઇએ. આ દૃષ્ટિએ પણ પ્રસ્તુત સંઘ બહિષ્કારની પ્રવૃત્તિ જરા પણ ઇચ્છવા યોગ્ય નથી. કારણ કે તમે જેમને દૂર મૂકેલા માનો છો તેમને પોતાના લેખો અને પોતામાં રાખો તો તેમનામાં દૂર રહેવાની અને ગણાવાની વૃત્તિ કદિ ઉત્તેજિત નહિ થાય. પણ એક વખત તે આખા વર્ગને રીતસર અળગો કર્યા પછી તો તેમને પોતાની પરિસ્થિતિનો એક સ્વતંત્ર સંપ્રદાય તરીકે જ વિચાર કરવાની ફરજ પડવાની. આવું પરિણામ શું ઇષ્ટ છે અને શ્રેયસ્કારદાયક છે ?

શ્રી ખીમચંદભાઇએ મુંબઇ જૈન યુવક સંઘનાં ઠરાવ ઉપર લેખ લખતાં સંઘબહિષ્કાર સંબંધે મેં દર્શાવેલા કેટલાક વિચારોનો પોતાની અનુકુળતા પુરતો ઉપયોગ કર્યો છે. પણ તેજ મારા લેખમાં મેં જણાવ્યું છે કે “આવા પ્રસંગે વિચારવા યોગ્ય પ્રશ્ન આવી બહિષ્કાર પ્રવૃત્તિના વ્યાજબી–ગેરવ્યાજબીપણાનો અથવા તો ઔચિત્ય–અનૌચિત્યને લગતો જ છે: ઘણી વખત આવો બહિષ્કાર કેવળ અયોગ્ય, અન્યાયપૂર્ણ અને વ્યક્તિ સ્વાતંત્ર્યનો રોધક હોય છે; કેટલીક વખત આવો બહિષ્કાર ડહાપણ ભરેલો હોતો નથી અને સમાજના વિશાળ હિતોને ભારે નુકશાનકર્તા બને છે.” વળી આગળ ચાલતાં મેં જણાવ્યું છે કે:– “ આવા બહિષ્કારના શસ્ત્રનો ઉપયોગ બહુજ સંભાળપૂર્વક અને અસાધારણ સંયોગોમાં જ કરવો જોઇએ અને જેમ વધારે વિશાળ સમાજ, તેમ શિસ્તનાં અને બહિષ્કારના શસ્ત્રનો અમલ બહુ વિરલ સંયોગોમાં જ અને પુરી સાવધાનીથી કરવો યોગ્ય લેખાય. નહિ તો પરિણામ એવું આવે કે ચોક્કસ સમાજનું રક્ષણ કરવું અને વ્યવસ્થા જાળવવી એ જેનો હેતુ છે તે શિસ્તનાં પગલાંનો અને બહિષ્કારનો દુરૂપયોગ કે વારંવાર ઉપયોગ તે સમાજને છિન્નભિન્ન કરી નાંખવામાં પરિણમે.” આ દૃષ્ટિએ આજે અખત્યાર કરવામાં આવેલી બહિષ્કાર નીતિનો વિચાર કરવા સ્થાનકવાસી સમાજના અગ્રેસરોને મારી નમ્રભાવે વિજ્ઞપ્તિ છે.

આટલી લાંબી ચર્ચા બાદ સ્થાનકવાસી સમાજને કોઇપણ અનિષ્ટ વ્યક્તિનો સમાજ બહિષ્કાર કરવાનો હક્ક છે કે નહિ ? કોંગ્રેસ, મોસ્લેમ લીગ કે હિંદુ મહાસભા એક યા બીજી વ્યક્તિ સામે શિસ્તના પગલાં શા માટે ભરે છે ? મુંબઇ જૈન યુવક સંઘ પણ શિસ્તપાલન ઉપર આટલો બધો ભાર શા માટે

મૂકે છે અને શિસ્તભંગ કરતા સભ્ય સામે કેમ પગલાં ભરે છે? આવા બધા પ્રશ્નોનો જવાબ આપવાની જરૂર રહે છે ખરી? આજે જ્યારે મુંબઈ જૈન યુવક સંઘની કાર્યનીતિ પરત્વે અમુક આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે ઉપરના પ્રશ્નોની થોડી ચર્ચા જરૂરી હોય એમ લાગે છે. પ્રથમ તો જેમ અન્ય કોઈ સમાજને તેમજ સ્થાનકવાસી સમાજને કોઈપણ અનિષ્ટ લાગતી વ્યક્તિ સામે પગલાં ભરવાનો અને તેને જરૂર જણાયે બહિષ્કૃત કરવાનો હક્ક છે જ એ વિષે બેમત હોવા સંભવ નથી, પણ દેશના તેમજ સમાજના આધુનિક સંયોગોમાં જ્યારે સંપ્રદાયિક મતભેદો હળવા થઈ રહ્યા છે, વિશાળ જૈન સમાજ તેમજ જનસમાજની દૃષ્ટિએ આપણે આપણા પ્રશ્નો વિચારતા થયા છીએ, જ્યારે આધુનિક શિક્ષણને લીધે આપણી વારસાગત ધાર્મિક તેમજ સામાજિક માન્યતાઓમાં મૌલિક પરિવર્તન થઈ રહ્યું છે ત્યારે તેમજ સ્થાનકવાસી સમાજના વિશિષ્ટ સંયોગો ધ્યાનમાં લેતાં પણ પ્રસ્તુત બહિષ્કાર પ્રવૃત્તિ વ્યક્તિ-સ્વાતંત્ર્યનું અણઘટતી રીતે રૂંધન કરનારી, બહિષ્કૃત ભાઈઓ માટે પાર વિનાની આફત નોતરનારી અને સરવાળે સ્થાનકવાસી સમાજનોજ હ્રાસ કરનારી છે અને તેથી આવી બહિષ્કાર પ્રવૃત્તિ અનિષ્ટ અને પરિત્યાગયોગ્ય છે. બીજું જુદી જુદી સંસ્થાઓને શિસ્તભંગના પગલાં લેવાના પ્રસંગો પ્રાપ્ત થયા છે તે ઘણું ખરું તે તે સંસ્થા સામે આગેવાન બળવાખોર કોઈ એક વ્યક્તિ સામે લેવાયા છે, જ્યારે સ્થાનકવાસી કોન્ફરન્સનો ઠરાવ એક પ્રકારના સમૂહબહિષ્કારને ઉત્તેજે છે અને તેમ કરવાનો આડકતરો આદેશ આપે છે. આ દોરવણી મારી જેવી સામાન્ય અને એમ છતાં સ્થાનકવાસી સમાજની હિતેચ્છુ અનેક વ્યક્તિઓ યોગ્ય નથી લાગતી. ત્રીજું સ્થાનકવાસી સમાજની રચના અને મુંબઈ જૈન યુવક સંઘની રચના વચ્ચે અસાધારણ અન્તર છે. વિશાળ જૈન સમાજનો સ્થાનકવાસી સમાજ એક વિભાગ છે. આપણી બાજુ દિગંબર સમાજનું દળ બહુજ નાનું છે, પણ શ્વેતાંબર મૂર્તિપૂજક તેમજ સ્થાનકવાસી સમાજ બન્ને ભિન્ન સમાજ ગણાતા હોવા છતાં પરસ્પર વચ્ચે બહુ ગાઢ સામાજિક અને કૌટુંબિક સંબંધો અસ્તિત્વ ધરાવે છે, તેમજ અનેક ધાર્મિક બાબતોમાં બધા અવારનવાર સાથે જોડાય છે. વળી જૈન જૈનેતર વચ્ચે ઘણે ઠેકાણે દીકરા દીકરીના સગપણ સંબંધો પણ આજ નિર્માણ થયાજ કરે છે. વળી આજે સૌ કોઈનો સંપ્રદાય સંબંધ જન્મથી નક્કી થાય છે એમ છતાં અમુક સંપ્રદાયની વ્યક્તિઓ અમુક માન્યતાઓ ધરાવે છે એમ સૌ કોઈ વિષે માની લેવું યોગ્ય નથી. આધુનિક શિક્ષણે સંપ્રદાયિક માન્યતાનાં મૂળ એટલાં બધાં હલાવી નાંખ્યાં છે કે અમુક સંપ્રદાયની અમુક માન્યતાઓ અને ચોક્કસ આચાર નક્કી કરવામાં આવે અને તે ઉપર સહી કરે તેનેજ તે સંપ્રદાયનો ગણવો એમ ઠરાવવામાં તો આજના કેળવાયેલા વર્ગમાંથી કેટલી મોટી સંખ્યાને નીકળી જવાનો પ્રસંગ આવે એ એક મોટો સવાલ છે. આજના અન્ય સાંપ્રદાયિક સમાજ માફક સ્થાનકવાસી સમાજની પણ આવી અસ્પષ્ટ અથવા તો પ્રવાહી પરિસ્થિતિ છે. બીજી બાજુએ મુંબઈ જૈન યુવક સંઘ એક નાનું સરખું મંડળ છે. સહિષ્ણુતા અને વિશાળ જૈન સમાજને ધ્યાનમાં રાખી તેણે પોતાનું ચોક્કસ બંધારણ ઘડ્યું છે અને આજનાં ધોરણે કેવળ પ્રગતિક વિચારો ધરાવનાર, સામાજિક ક્રાન્તિનાં સ્વપ્નાં સેવનાર અને રાષ્ટ્રની આઝાદીને અગ્રસ્થાન આપનાર તેમજ સમગ્ર જૈન સમાજની એકતા સ્વીકારનારનેજ તેમાં સ્થાન છે. સંઘના સભ્યો માટે ઉપર જણાવેલ આશયને ધ્યાનમાં રાખીને કેટલાક શિસ્તના નિયમો ઘડવામાં આવ્યા છે અને તેના અનુપાલનનો આગ્રહ રાખવામાં આવે છે અને તે કારણે સંઘને અગત્યના સભ્યો ગુમાવવાનો પ્રસંગ પણ આવે છે. જૈન સમાજ કે સ્થાનકવાસી સમાજ એક સાગર સમાન છે, જ્યારે મુંબઈ જૈન યુવક સંઘ એક નાના સરખા સરોવર સમાન છે. સરોવરની પરિસ્થિતિ સાગરને લાગુ પડી ન શકે. સરોવરનાં પાણી ચોખ્ખાં રાખવા માટે પાળ જોઈએ અને જળ શુદ્ધિને લગતા ચોક્કસ નિયમો પળાવા જોઈએ. મુંબઈ જૈન યુવક સંઘ સ્થાનકવાસી કે દેરાવાસી જેવા વિશાળ સમુદાયના માર્ગે ચાલવા જાય તો પોતાનું વ્યક્તિત્વ ગુમાવી બેસે. સ્થાનકવાસી કે દેરાવાસી સમુદાય શિસ્તની સખ્તાઈના માર્ગે ચાલવા જાય અને પોતાની સ્વીકારાયલી માન્યતા કે આચારથી અન્યથા વર્તનાર સર્વ કોઈને અલગ કરવાના રાહે ચાલવા લાગે તો તેનું આયુષ્ય અકુદરતી રીતે ટુંકાઈ જાય, અને તેનો સમૂહદેહ બહુ થોડા વખતમાં જર્જરિત થઈ જાય.

આ લાંબુ વિવેચન પૂરું કરવા પહેલાં એક બે બાબતોનો ખુલાસો કરવાની જરૂર લાગે છે. શ્રી. ખીમચંદભાઈ મું. જૈ. યુ. સંઘના ઠરાવ ઉપરના લેખમાં એ મતલબનું જણાવે છે કે સંઘની કાર્યવાહક સમિતિની ચર્ચા દરમિયાન એમ કહેવાયું કે કદાચ દલીલને ખાતર એમ માની લઈએ કે સ્થાનકવાસી સમાજને પોતાના કોઈ પણ સભ્યનો બહિષ્કાર કરવાનો અધિકાર હોઈ શકે તો પણ એ અધિકાર ભોગવવાને સ્થાનકવાસી સમાજ લાયક નથી. આવો અભિપ્રાય સંઘની કાર્યવાહક સમિતિનો કદિ હતોજ નહિ કે છે પણ નહિ એમ હું સંઘના પ્રમુખ તરીકેની જવાબદારીથી કહી શકું છું. માત્ર એક સભ્યે પ્રસ્તુત ઠરાવની ચર્ચા દરમિયાન એવી મતલબનું જણાવ્યું હતું કે આજની પરિસ્થિતિમાં અને સંઘો અને જ્ઞાતિઓનાં બંધારણો આજે જે સ્થિતિમાં છે તે સંયોગોમાં સ્થાનકવાસી સંઘને કે અન્ય સંઘો કે જ્ઞાતિઓને આવો બહિષ્કાર કરવાનો અધિકાર રહ્યો નથી. કાર્યવાહક સમિતિની ચર્ચાને ઉપરના આકારમાં રજુ કરીને શ્રી. ખીમચંદ ભાઈએ સંઘ વિષે ભારે ગેરસમજુતી ફેલાવી છે અને સંઘને ભારે અન્યાય કર્યો છે.

આ ઉપરાંત એક બીજી એવી ગેરસમજુતી ફેલાયલી માલુમ પડે છે કે સંઘની પ્રસ્તુત કાર્યવાહક સમિતિની સભાની ચર્ચા દરમિયાન કેટલાક સભ્યોએ સ્થાનકવાસી સમાજ પ્રત્યે અથવા તો તે સમાજના આગેવાનો પ્રત્યે તિરસ્કાર દર્શાવતા ઉદ્ગારો કાઢ્યા હતા. હું તો એ સભાના પ્રમુખસ્થાને હતો અને આવો તિરસ્કાર કોઈ પણ સભ્યે દાખવ્યો હોય એવું લેશ માત્ર બન્યુંજ નથી એમ હું સત્યની સાક્ષીએ કહી શકું તેમ છું. અલબત્ત સ્થાનકવાસી સમાજમાં આજે વેગ પકડી રહેલી સમૂહબહિષ્કાર પ્રવૃત્તિની કોઈ કોઈ સભ્યે બહુ સખ્ત ટીકા કરી હતી, પણ એનો અર્થ સ્થાનકવાસી સમાજ કે તેના અગ્રેસરો પ્રત્યે તિરસ્કાર દર્શાવવામાં આવ્યો એમ કરવામાં આવે તે યોગ્ય નથી. જે સંઘનો ઉદ્દેશ જૈન સમાજના ભિન્ન ભિન્ન અંગો વચ્ચે એકતા કેળવવાનો છે અને સમગ્ર જૈન સમાજમાં એકતાની બુદ્ધિ વિકસાવવાનો છે તે સંઘ અથવા સંઘના જવાબદાર માણસો જે ઘડીએ પક્ષ વિપક્ષની બુદ્ધિથી વિચારશે, બોલશે, અથવા વર્તશે તે ઘડીથી સંઘના અસ્તિત્વની કોડીની પણ કીંમત નહિ રહે.

આશા રાખવામાં આવે છે કે આટલા લાંબા વિવેચનના પરિણામે શ્રી. મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહીના ઠરાવ પાછળ રહેલો આશય યથાસ્વરૂપે ગ્રહણ કરવામાં આવશે અને તે સંબંધમાં ઉભી થએલી અણઘટતી ગેરસમજુતીઓ દૂર થશે.

**પરમાનંદ.**

તા. ક.–મુંબઈ યુવક સંઘની કાર્યવાહીના સ્થાનકવાસી સમાજમાં ચાલી રહેલ બહિષ્કાર પ્રવૃત્તિને વખોડી કાઢતા ઠરાવ સામે વિરોધ દર્શાવતા જે કેટલાક સભ્યોએ રાજીનામાં આપ્યાં છે તેમની સાથે કાર્યવાહી સમિતિનું તા. ૧૫-૧-૪૪ના રોજ સંઘના કાર્યાલયમાં એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું તે પ્રસંગે શ્રી કાનજી મુનિ અને તેમના અનુયાયીઓ સંબંધમાં શ્રી સ્થાનકવાસી કોન્ફરન્સની જનરલ કમીટીના પ્રસ્તાવ સંબંધે કેટલીક ચર્ચા થઈ હતી. એ પ્રસ્તાવનો સંઘ બહિષ્કારને લગતો વિભાગ નીચે મુજબ છે.

"જે સ્થાનકવાસી ભાઈઓ શ્રી કાનજીસ્વામીના અનુયાયી થયા છે અને સ્થાનકવાસી ધર્મના સિદ્ધાન્તો, માન્યતાઓ અને પ્રરૂપણાઓમાંથી તેમની શ્રદ્ધા નષ્ટ થઈ છે તેવાઓએ પ્રમાણિકપણે પોતપોતાના ગામના સંઘોમાંથી નીકળી જઈ કલહ અને વિખવાદ મીટાવવા જોઈએ. તેવાઓને સ્થાનકવાસી સંઘના સભ્ય તરીકે રહેવાનો કોઈ અધિકાર નથી. આમ છતાં જેઓ સંઘમાંથી સ્વેચ્છાએ છુટા ન થાય અને સ્થાનકવાસી ધર્મના મૂળભૂત સિદ્ધાન્તો, માન્યતાઓ અને પ્રરૂપણાઓ વિરુદ્ધ વર્તન કરે, સંઘમાં કલહ અને વિખવાદ જગાવે અને સંઘના હિતવિરુદ્ધ વર્તન કરે તેમની સામે શિસ્તભંગના પગલાં લેવાનો અને તેમને સ્થાનકવાસી સભ્ય તરીકે કમી કરવાનો સ્થાનિક સંઘને અધિકાર છે."

આ વિભાગને સ્પષ્ટ કરતાં મારા મિત્ર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તરફથી એમ કહેવામાં આવ્યું હતું કે 'ઉપરના ઠરાવમાં સમુહ બહિષ્કારની કોઈ વાત જ નથી. હજુ સુધી કોઈ સામે બહિષ્કારનાં પગલાં લેવાયા નથી અને માત્ર શ્રી કાનજી મુનિમાં માનતા હોવાના કારણે જ નહિ પણ જેઓ એ ઉપરાંત સંઘમાં કલહ અને વિખવાદ જગાવે અને સંઘના હિતવિરુદ્ધ વર્તન કરે એવી કોઈ વિરલ અપવાદજનક વ્યક્તિનો જ સંઘબહિષ્કાર અંતિમ ઉપાય તરીકે ઉપરના ઠરાવમાં નિર્દેશાયલો છે' મારી સમજણ મુજબ પ્રસ્તુત ઠરાવની ભાષા અને તેમાંથી ઉઠતો ભાવ શ્રી કાનજી મુનિના અનુયાયીઓના સમુહ સંઘ બહિષ્કારને જ આગળ ધરે છે અને સામાન્ય જનતા અને સ્થળ સ્થળના સંઘના આગેવાનો 'શ્રી કાનજી મુનિના અનુયાયીઓ સ્થાનકવાસી સંઘની માન્યતાઓ અને સિદ્ધાન્તોથી વિરુદ્ધ માન્યતાઓ ધરાવતા હોઈને સંઘમાં કલહ અને વિખવાદ જગાવે છે અને તેથી કાં તો તેઓ પોતાની માન્યતાઓનો ત્યાગ કરે અને એમ ન બને તો તેઓ પોતપોતાના સંઘમાંથી સ્વેચ્છાએ નીકળી જાય અને જેઓ એ મુજબ સ્વેચ્છાએ નીકળી ન જાય તેમને તે સ્થળના સંઘો પોતામાંથી કમી કરે' આવા ભાવાર્થમાં જ તે ઠરાવને સમજવાના છે. વળી પ્રસ્તુત ઠરાવમાં ગમે તે મર્યાદા સુચવવામાં આવી હોય તો પણ જે રીતે શ્રી કાનજી મુનિ સામેના વિરોધની આંધી વધતી ચાલી છે અને સંઘ બહિષ્કારનું આંદોલન ઉપરોક્ત ઠરાવ વડે જે રીતે વધારે ને વધારે વેગ પકડી રહ્યું છે તે ધ્યાનમાં લેતાં ઉપરના ઠરાવમાં સુચવાયલી બહિષ્કાર-મર્યાદા સામાન્ય લોકોના ખ્યાલમાં રહેવાની નથી. તેનું પરિણામ આજે નહિ તો આવતી કાલે સમુહ બહિષ્કારમાં જ આવવાનું છે. આ સંબંધે લાગણી ધરાવવા પુરતો જ મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહીના ઠરાવનો આશય છે. આ બાબતમાં મારી કલ્પનાઓ ખોટી પડે, સમુહ બહિષ્કારની સંભાવના પાયા વિનાની પુરવાર થાય અને સંઘ બહિષ્કારના શસ્ત્રનો ઉપયોગ ઉગામવા પુરતો જ હતો, તેનો યથાસ્વરૂપે અમલ કરવાનો હેતુ નહોતો તે આગામી ઘટનાઓથી સિદ્ધ થાય તો પછી કોઈને પરસ્પર કહેવા વિચારવા જેવું રહેશે જ નહિ અને આજે જુદા પડતાં તત્ત્વો સ્વાભાવિક રીતે સંધાઈ જશે. આવું શુભ પરિણામ આપણે જોવા પામીએ અને મારા તર્કવિતર્કો અને તરંગો ખોટા પડે એવી મારી પ્રાર્થના છે.

પરમાનંદ

## શ્રી. રણજીત પંડિતનું અકાળ સ્વર્ગગમન

ચાલુ માસની ૧૪ મી તારીખે સવારે ૭ વાગે શ્રી. રણજીત સીતારામ પંડિતના ૫૧ વર્ષની ઉમ્મરે થયેલા અકાળ અવસાનથી આખા દેશમાં ભારે ગમગીનીની છાયા પસરી રહી છે. ૧૯૪૨ ના ઓગસ્ટ માસની નવમી તારીખે સરકારે જે સમુહ-ધરપકડ કરી હતી તેમાં તેઓ પણ પકડાયા હતા અને નાદુરસ્ત તબિયતના કારણે ગયા ઓક્ટોબર માસની આઠમી તારીખે તેમને સરકારે કારાવાસ-મુક્ત કર્યા હતા. જેલવાસ દરમિયાન લાગુ પડેલા વ્યાધિએ આખરે તેમના પ્રાણ હરી લીધા અને દેશે એક સાચો સૈનિક ગુમાવ્યો. નહેરુ કુટુંબ સાથે તેઓ લગ્નસંબંધથી જોડાયા હતા અને દેશસેવાની દીક્ષા પણ તેમણે ત્યાંથી જ પ્રાપ્ત કરી હતી. તેઓ દેશના એક સાચા વિનમ્ર સેવક હતા. તેમણે આગેવાન હોવાનો કદિ દાવો કર્યો નહોતો. દેશની મૂક સેવા કરવી અને કોઈ પણ કટોકટીના સમયે રાષ્ટ્રીય આઝાદીનો ઝંડો હાથમાં પકડીને ઉભા રહેવું અને જે કાંઈ યાતનાઓ સહેવાની પોતાના ભાગે આવે તે શાન્તિથી સહી લેવી—આ તેમની વર્ષોભરની જીવનચર્યા અને તપસ્યા હતી. તેમના જેવા શક્તિશાળી અને એમ છતાં નિરભિમાની દેશસેવકો બહુ જ વિરલ જોવામાં આવે છે. તેમનું અને પંડિત વિજયાલક્ષ્મી જેવા રૂપગુણ અને શ્રી-સંપન્ન દંપતી યુગલો પણ આજે દેશમાં કેટલાં જોવા મળે? આવી સર્વ પ્રકારે સમાનધર્મી જોડી આજે ખંડિત થઈ અને વિજયાલક્ષ્મી પંડિતનું જીવન સાથીવિહોણું થઈ ગયું. શ્રી. રણજીત પંડિત પોતાની પાછળ ત્રણ પુત્રીઓ મુકી જાય છે, જેમાંની મોટી બે પુત્રીઓ હાલ અમેરિકામાં અભ્યાસ કરે છે. તેમના કુટુંબ પ્રત્યે આખો દેશ ઉંડી અને દર્દભરી સહાનુભૂતિ દાખવી રહ્યો છે. જેણે આ દુનિયામાં સુખ, શાન્તિ કે સગવડની કદિ પરવા કરી નહોતી તેને પરમાત્માના ધામમાં પરમ શાન્તિ મળે એવી આપણે પ્રાર્થના ચિન્તવીએ!

## અધ્યાપક શ્રી. એમ. બી. ગાંધીનું અકાળ અવસાન

મુંબઈની સેંટ ઝેવીયર્સ કોલેજના અર્ધમાગધી ભાષાના અધ્યાપક શ્રી. એમ. બી. ગાંધીના ૩૨ વર્ષની બહુ નાની ઉમ્મરે થયેલા અકાળ અવસાનની નોંધ લેતાં બહુ દિલગીરી થાય છે. તેમનો જૈન કુટુંબમાં જન્મ થયો હતો અને પુનાની નવરોજજી વાડીયા કોલેજ દ્વારા બી. એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરીને તે કોલેજમાં તેઓ ફેલો નીમાયા હતા. ત્યારબાદ તેમણે એમ. એ.ની પરીક્ષા ઉંચી કક્ષાએ પસાર કરીને સુવર્ણચંદ્રક મેળવ્યો હતો અને સુરતની એમ. ટી. બી. કોલેજમાં થોડો વખત કામ કર્યા બાદ અર્ધમાગધીના અધ્યાપક તરીકે તેઓ કેટલાક સમયથી સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં જોડાયા હતા. તેમની અધ્યાપક તરીકેની ટુંકી કારકીર્દી દરમિયાન અર્ધમાગધી વ્યાકરણ અને સાહિત્ય ઉપર તેમણે સાત પુસ્તકો પ્રગટ કર્યા હતા અને ચાર પુસ્તકો તૈયાર કરેલા હજુ અપ્રગટ પડેલા છે. તેમનો અનેક શિક્ષણસંસ્થાઓ સાથે ગાઢ સંબંધ હતો અને શેઠ હીરાચંદ ગુમાનજી બોર્ડીંગમાં તેઓ ધાર્મિક તેમજ અર્ધમાગધીના વર્ગો ચલાવતા હતા. તેઓ સ્વભાવે ખુબ મળતાવડા અને પ્રકૃતિથી બહુ વિનમ્ર હતા. તેમના અવસાનથી એક આશાપ્રદ ભાષાશાસ્ત્રી અને સાહિત્યકારની જૈન સમાજને ખોટ પડી છે. તેમના આત્માને પરમાત્મા પરમ શાન્તિ અર્પો!

પરમાનંદ.

# માથેરાન

ગત સપ્ટેમ્બર માસની ઝવેરીલુ માંદગીમાંથી બચી જવા બાદ હવાફેર માટે દેવલાલી લગભગ બે માસ જઇ આવ્યા પછી દશ દિવસ માથેરાન જવાનું પણ થયું. માથેરાન બોરી-બંદરથી ઉપડતી ટ્રેનમાં નેરલ થઇને જવાય છે. નેરલથી એક નાની પર્વતગાડી ઉપડે છે, જેને નાનાં બાળકો દીવા-સળીના બાકસની ગાડી અથવા બાબાગાડીના નામે ઓળખે છે. માથેરાનની એ નાની ટ્રેનના ડબ્બા આપણી ટ્રામના ડબ્બા કરતા પહોળાઇમાં અરધા ભાગના અને લંબા-ઇમાં પણ અરધા ભાગના હોય છે. ઉંચાઇમાં એકાદ ફૂટ નીચા હોય છે. નેરલ સ્ટેશનથી માથેરાન પગ રસ્તે સાત માઇલ અને ટ્રેનના રસ્તે ૧૦॥ થી ૧૧ માઇલ છે. માથેરાનની ટેકરી ઉપર ચડતી ટ્રેન એક મોટા રમકડા જેવી લાગે છે. પર્વતની ટેકરીના ચઢાણવાળા ભાગમાંથી રસ્તો બનાવીને પાટા નાંખવામાં આવ્યા છે. તે ઉપર આડા અવળા ચકરાવા લઇને ટ્રેન ધીમે ધીમે પર્વતની ટેકરી ઉપર ચઢે છે અને એ વખતે ટ્રેનમાંથી માથેરાનની કેટલીક સુંદર જગ્યાઓ, ઢોળાવો, ખીણો તથા લીલી હરીઆળીથી મનોહર લાગતાં શિખરો જોવાની તક મળે છે અને એ સુંદર દૃશ્યો જોવાથી આંખને ઠંડક અને આરામ મળે છે. આ નાનકડી ટ્રેન બાંધવાનું સાહસ વોરા શાહ સોદાગર શેઠ સર આદમજી પીરભાઇએ ખેડ્યું. કહેવાય છે કે એ ટ્રેન પાછળ તેમણે લાખો રૂપીઆ ખર્ચ કર્યું અને ખોટ ખમી, જેના પરિણામે આજે માથેરાનની સહેલગાહ આટલી આસાન બની છે. માથેરાનની ટેકરી નીચા ઉંચા ચઢાણવાળી છે. આખી ટેકરી ઉપર એક સરખા બહુ ઉંચા નહી અને બહુ નીચા નહી એવા જાંબુ, અંજીર વગેરે જુદી જુદી જાતના ઝાડોની હંગાર ભરી હોય છે. એક સરખા ઉંચાઇના ઝાડ અને તેના લીલા હરી-આળા પાંદડાથી આખી માથેરાનની ટકરી અતિ ભવ્ય અને મનોહર ઉપરાંત શાંત અને ઠંડકવાળી લાગે છે. ટેકરી ઉપર નાના મોટા બંગલાઓ બાંધવામાં આવ્યા છે. માથેરાનમાં મ્યુનીસીપાલીટી છે, જે મ્યુનીસીપાલીટી લોકોની તંદુરસ્તી માટે ખાસ ધ્યાન આપે છે અને તેની આર્થિક સ્થિતિ સદ્ધર ગણાય છે. બીજું શેઠ બેરામજી જીજીભાઇની હોસ્પીટલ છે. હરવા ફરવા માટે જુદાં જુદાં પોઇન્ટ ઉપરાંત બાળકો માટે પ્લે ગ્રાઉન્ડ અને મોટેરા માટે રમણી પાર્ક છે, જ્યાં સાંજના અનેક કુટુંબો ફરવા જાય છે અને તેમનાં ટોળાં જામે છે. અહિં આપણે મુંબઇના હેંગીંગ ગાર્ડન ઉપર ફરતા હોઇએ એવું ભાન થાય છે. માથેરાનની ટેકરી ઉપરથી કુદરતનું સૌંદર્ય જોવા માટે જુદી જુદી જગાઓ છે અને તે પોઇન્ટના નામે ઓળખાય છે. મુખ્ય પોઇન્ટો નીચે મુજબ છે—પેનોરમા, આર્ટિસ્ટ, હાર્ટ, મંકી, હનીમુન, લુઇસા, શાર્લોટ, ચોક, એલેક્ઝાન્ડ્રા, વનટ્રીહીલ, આર્ટીસ્ટ. પણ બીજા પણ અનેક નાના મોટા પોઇન્ટ છે. દરેક પોઇન્ટ પરથી દૂર દૂરના પ્રદેશો તેમજ પર્વતમાળા જોવાય છે અને એના ભવ્ય આકાર, મનોહર ગગન ચૂમતાં શિખરો અને લીલી વનશ્રી આપણને મુગ્ધ કરે છે.

માથેરાનના જુદા જુદા પોઇન્ટો ઉપર પગે ચાલીને ફરવામાં કોઇ જુદો જ આનંદ આવે છે. પણ જે લોકો ચાલી શકે તેમ ન હોય તેમની માટે રીક્ષા તેમ જ ઘોડાનો વાહન તરીકે ઉપયોગ કરવામાં આવે છે. મને તો ચઢાણ ચઢવા ઉત-રવાની ડાક્ટરોની મના હતી, તેથી મારા માટે રીક્ષાનો ઉપયોગ કરવા સિવાય બીજો કોઇ ઉપાય જ નહોતો. રીક્ષાને એક માણસ ખેંચે છે અને પાછળથી બે માણસો ધકેલે છે. પહે-લેજ દિવસે રીક્ષામાં બેસીને નીકળતી વખતે મને વિચાર થવા લાગ્યો કે ફરવાની આપણી ઇચ્છા પુરવા માટે માણસો આપણને ખેંચે અને તેથી તેમને ખુબ શ્રમ પડે એવા વાહનનો ઉપયોગ કરવો એ ઇચ્છવા યોગ્ય છે કે નહિ? માથે-રાનમાં લગભગ ૧૦૦ રીક્ષાઓ છે. તેને ખેંચતા દરેકને બાર ચૌદ આના રોજ મળે છે. લગભગ બધી રીક્ષાના માલીકો ઘણું ખરૂં જુદા હોય છે અને તેઓ માણસો રાખી રીક્ષાઓ ભાડે ફેરવે છે. રીક્ષાની કીંમત આશરે ૩૦૦ રૂપીઆની હોય છે. રીક્ષા ફેરવનારને પડતા શ્રમથી ઉપજતા ત્રાસે મારા મન ઉપર ઘણી ઉંડી અસર કરી અને આવી જાતની મજુરીથી નભવાને સરજાયલી પ્રજાની ગરીબી વિષે મને અનેક વિચારો આવ્યા. આપણામાં શ્રમજીવી અને ધનજીવીના બે વર્ગો છે અને ધન-જીવીઓ શ્રમજીવીઓને મજુરી આપી ખરીદવાનો પોતાનો હક છે એમ માને છે અને એવા ગુમાનથી રાચે છે. રીક્ષા ખેંચનારને આપણે તેના ખાસ રીક્ષા ખેંચવાની તેના બદલામાં મહેનતાણું આપીએ છીએ. જે મહેનતાણું તેની ભુખને મટાડવા કામ લાગે છે. આમાં કશું અયોગ્ય નથી એમ કેટલાક માને છે. આ દલીલ કદાચ સાચી હોય તોપણ માણસ માણસને ખેંચીને પેટીયું મેળવે એ માણસાઇની દૃષ્ટિએ હીણ-પતભર્યું છે એ શક વિનાની વાત છે. માથેરાન મુંબઇથી ચાર કલાકના રસ્તા ઉપર અતિ મનોહર અને શાંતિ, સુખ અને સગવડ આપનાર, હવા ખાવાનું અને પ્રમાણમાં સસ્તું, મધ્યમ વર્ગને પણ ભારે ન પડે એવું એક સ્થળ છે. આવો આ વખતે મને પહેલીવાર અનુભવ થયો. **મણિલાલ મોકમચંદ શાહ**

## શિસ્ત ભંગની સોટી

(પૃષ્ઠ ૧૫૫ થી ચાલુ)

શિસ્તની સોટીના પ્રહારો ગમે તેમ હકારાથી ધર્મગુરૂઓદ્વારા તેમ જ શાંતિના પંથો અને ઘરના વડીલોદ્વારા કરવાથી જ જૈનો અને સમસ્ત હિંદુઓની ધર્મ તથા સમાજની હાલત છિન્નભિન્ન થઇ છે.

ગાંધીજી કે અન્યમતીઓમાં અમુક ગુણો છે એમ કહેવા માત્રથી કહેનાર ઉપર ધર્મી ગણાતા લોકો શિસ્તભંગની સોટી ઉઠાવે છે. અજૈનો જૈનેતરો પણ હાલમાં આગમો વાંચવા લાગ્યા છે એટલે શ્રાવકોને હવે તે વિષે મનાઇ કરવી ફોગટ છે એમ વદનારને પણ શિસ્તભંગની સોટી બતાવવામાં આવે છે. સાતે ક્ષેત્રોમાં શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર હાલમાં સીદાય છે, એટલે તે તરફ જ મુખ્યતયા ધ્યાન આપવું યોગ્ય છે એમ કહો તોપણ શિસ્તભંગના પ્રહારોનો ભોગ થવું પડશે. કોઇ અસામાન્ય શક્તિશાળી શ્રાવક હોય તો એમના તરફ સ્વાભાવિક રીતે જ સમાજ તણાઇ જાય છે, ત્યારે પણ સમાજને શિસ્તભંગની સોટીના પ્રહારો ખાવા પડે છે. તેથી સમાજમાં અનેકધ ઉપજે છે એ સ્પષ્ટ દેખાઇ આવે છે,—છતાં શિસ્તભંગની સોટી તો ચલાવવામાં આવતી જાય છે. એ પ્રવૃત્તિને લઇને જ જૈન સમાજ છિન્નભિન્ન થયો છે. જુદા જુદા ફિરકાવાળાઓએ શિસ્તભંગની સોટી કડકાઇથી અરસપરસ ચલાવી કે તેને જાણે એમ લાગે કે જુદા જુદા ધર્મના જ હોય એવી રીતે રીતે સહુ ફિરકાવાળા વર્તે છે.

વધારે પડતી ઉદારતામાં શૈથિલ્યનો દોષ છે, પણ વધારે પડતી કટ્ટરતામાં તો તત્વહાનિનો દોષ છે. એટલે સમાજ શિથિલ બને એવી તેટલી ફીકર ન કરવી જોઇએ જેટલી સમાજ સંકુચિત, કટ્ટર રૂઢીચુસ્ત બને એની કરવી જોઇએ. જાતઅનુભવથી મેં જોયું છે કે કદી ક્રિયા નહિ કરનારા જ્યારે કરે છે ત્યારે સારી રીતે કરી પ્રગતિમાન બને છે, જ્યારે હંમેશા ક્રિયા કરનારા રૂઢીચુસ્તો અવનત બનતા જોવાય છે એટલે શિથિલ કે ઉદારોના સામે શિસ્તભંગની સોટી ઉઠાવવામાં લાભ કરતાં હાનિ જ થઇ રે છે અને રૂઢીચુસ્તોને પંપાળવામાં કાંઇ પણ લાભ નથી પણ હાનિ એટલી બધી છે કે જે પરંપરા હાનિ ...ચાલશે તે મૂળ સિદ્ધાન્ત વચનનીજ હોય. એટલે સુધા-રકોને વેગ અવકાશ હંમેશા આપવો જોઇએ. તેમ નહિ કરવાથી આટલા પંથો અને જાતિઓ હિંદુસ્તાનમાં નિર્માણ થયા છે જે ધર્મને, શાસનને અને સમાજને નુકસાન પહોં-ચાડી રહેલ છે. આટલા પંથોને અને જાતિઓને સર્જવામાં શિસ્તભંગની સોટી જ જવાબદાર છે. **મુનિશ્રી કુમુદવિજયજી.**

આ મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન.: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨